Friday 09, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૩૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડ જિલ્લાના ૨૦૩ ગામ ટીબી મુક્ત

### ૪૮ ગોલ્ડ અને ૭૧ સિલ્વર કેટેગરીની ટીબી મુક્ત ગ્રામ પંચાયતોના સરપંચોનું સન્માન કરાયું : જિલ્લાને ટીબી મુકત બનાવવાનો સંકલ્પ કરાયો



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૦૮ :** ટીબી મુક્ત વલસાડ અને ટીબી મુક્ત ભારતના સંકલ્પને જનભાગીદારીથી વધુ મજબૂત બનાવવાના ભાગરૂપે વલસાડની મેડિકલ કોલેજના ઓડિટોરીયમમાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન જે પટેલના અધ્યક્ષસ્થાને ટીબી મુક્ત ગ્રામ પંચાયત સન્માન સમારોહ તથા JOSH (Joint Squad for Health Teams) – TB Mukt Bharat Teamsનો લોકાર્પણ સમારોહ યોજાયો હતો. જેમાં સતત ૩ વર્ષથી ટીબી મુક્ત ૪૮ ગ્રામ પંચાયત અને સતત બે વર્ષથી ટીબી મુક્ત ૭૧ ગ્રામ પંચાયતના સરપંચોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરાયુ હતું. જ્યારે એક વર્ષથી ટીબી મુક્ત ૮૪ ગ્રામ પંચાયતોનું આગામી દિવસોમાં તાલુકા કક્ષાએ સન્માન કરાશે. જોશ- ટીબી મુક્ત ભારત ટીમમાં જોડાયેલા માય ભારતના વોલ્ન્ટીયર્સ અને એનસીસી કેડેટસનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે નિક્ષય મિત્રો (૧) શ્રીમદ રાજચંદ્ર મિશન, (૨) મુસ્કાન ફાઉન્ડેશન, (૩) ઈન્ડો કાઉન્ટ, ભીલાડ, (૪) મા ફાઉન્ડેશન, (૫) લાયન્સ કલબ ઓફ વાપી ઉદ્યોગનગર, અને (૬) ડો. ચિંતન પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું.

નવી દિલ્હીના ભારત મંડપમથી કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી.નડ્ડાના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ સૌ એ નિહાળ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, જિલ્લા કલેકટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, વલસાડ જિલ્લા ટીબી ઓફિસર અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એચ.પી.સિંઘે પ્રાસંગિક વકતવ્યો આપ્યા હતાં.

વલસાડ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ.કે.સિંઘે સ્વાગત પ્રવચનમાં મે નહી પરંતુ હમ ના નારા સાથે ટીબી નાબૂદ કરવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. આભારવિધિ મેડિકલ ઓફિસર ડો.પરિમલ પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વલસાડ બ્લડ બેંકના ડાયરેકટર ભાવેશભાઈ રાયચાએ કર્યુ હતુ.

## વાપીને ચોખ્ખું રાખવા મનપાએ ૩૮ દિવસમાં રૂા. ૩.૮૮ લાખ દંડ વસૂલ્યો

### જાહેરમાં કચરો નાખનારાઓ અને પ્રતિબંધિત પ્લાસ્ટિક બેગ રાખનારા ૪૬૦ લોકો દંડાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વાપી મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે શરૂ કરાયેલા સઘન સ્વચ્છતા અભિયાન હેઠળ છેલ્લા એક માસ અને ૩૮ દિવસમાં રૂ. ૩.૮૮ લાખથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે.

મનપાની સેનેટરી અને એન્ફોર્સમેન્ટ ટીમે વાપી ટાઉન, છીરી, છરવાડા, બલીઠા, ડુંગરા, ચલા, વટાર સહિતના વિસ્તારોમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં જાહેર રસ્તા પર કચરો ફેંકનાર દુકાનદારો, હોટલ-લારી સંચાલકો અને પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ કરતા વેપારીઓ સામે લાલ આંખ કરી હતી. તંત્ર દ્વારા પ્લાસ્ટિકની થેલીઓ જપ્ત કરી દુકાનદીઠ રૂ. ૫૦૦ થી ૫૦૦૦ સુધીનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની ગાડીમાં કચરો ન આપી જાહેરમાં ગંદકી ફેલાવનાર રહેણાંક સોસાયટીઓને પણ નોટિસ આપવામાં આવી હતી છતાં કચરો નાખનારાઓ ને આખરે દંડ ફટકાર્યો હતો. સપ્ટેમ્બરથી આજ દિન સુધીમાં મનપા એ ૪૬૦ લોકોને દંડ ફટકારી તેઓ પાસેથી કુલ રૂા. ૩ લાખ ૮૮ હજારથી વધુ દંડ વસૂલ્યો હતો. મનપા કમિશનરે જણાવ્યું હતું કે આ અભિયાન આગામી દિવસોમાં પણ વધુ કડકાઈથી ચાલુ રાખવામાં આવશે. શહેરને સ્વચ્છ રાખવા નાગરિકો સહકાર આપે અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરે તેવી અપીલ કરવામાં આવી છે.

## દમણમાં ટીબી-મુક્ત પંચાયતોનું સન્માન



### દુનેઠાને ગોલ્ડ જ્યારે પરિયારી, પટલારા અને દમણવાડા ગ્રા.પં.ને સિલ્વર કેટેગરીમાં સન્માનિત થઈ

(દમણગંગાટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૦૮ :** કેન્દ્રશાસિત દમણ, દીવ અને દાદરા નગર હવેલીમાં પણ સમુદાયને ટીબી-મુક્ત બનાવવા તરફ મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે.

આ અનુસંધાનમાં, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાં જિલ્લા પંચાયત હોલ, મોટી દમણ ખાતે 'ટીબી-મુક્ત પંચાયત' સન્માન સમારોહ અને રક્તપિત્ત ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના વડા ધરમ પટેલ અને જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) હાજર રહ્યા હતા. આ પ્રસંગે, તેમણે તમામ સરપંચો અને પંચાયત પ્રતિનિધિઓને ટીબી મુક્ત પંચાયત અભિયાનના ઉદ્દેશ્યો, પંચાયતોની ભૂમિકા અને ટીબી નાબૂદ કરવા માટેના જરૂરી પ્રયાસો અંગે વિગતવાર માહિતી પૂરી પાડી. આ પહેલ હેઠળ, માય ભારત સ્વયંસેવકો અને એનસીસી કેડેટ્સને 'જોશ ટીમ'માં સમાવવામાં આવ્યા છે. જે ગ્રામ પંચાયતો અને સમુદાયો સુધી પહોંચીને ટીબી નાબૂદીનો સંદેશ ફેલાવશે અને ટીબી મુક્ત પંચાયતના ધ્યેયને પ્રાપ્ત કરવામાં સક્રિયપણે યોગદાન આપશે.

કાર્યક્રમ દરમિયાન, દમણના મુખ્ય તબીબી અધિકારી અને રાષ્ટ્રીય ટીબી નાબૂદી કાર્યક્રમ/ રાષ્ટ્રીય રક્તપિત્ત નાબૂદી કાર્યક્રમના કાર્યક્રમ અધિકારીએ આ વર્ષે ટીબી મુક્ત પંચાયતને માટે માર્ગદર્શન પુરુ પાડયું હતું.

કાર્યક્રમ દરમિયાન, ટીબી મુક્ત પંચાયત અભિયાન હેઠળ અસાધારણ રીતે સારું પ્રદર્શન કરનાર ગ્રામ પંચાયતોને તેમના સ્કોર્સના આધારે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે, દમણની દુનેઠા ગ્રામ પંચાયતને ગોલ્ડ કેટેગરીમાં સન્માનિત કરવામાં આવી હતી, જ્યારે પરિયારી, પટલારા અને દમણવાડા ગ્રામ પંચાયતોને સિલ્વર કેટેગરીમાં સન્માનિત કરવામાં આવી હતી.

## ઉમરગામ તા.પં.ની સામાન્ય સભા યોજાઈ

### સામાજિક ન્યાય સમિતિની નવેસરથી રચના; ૫,૯૭૭ લાભાર્થીઓને રૂા. ૯.૫૬ કરોડની સહાય



(દમણગંગાન ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૮ :** ઉમરગામ તાલુકા પંચાયતની ૮ ઓક્ટોબરે સામાન્ય સભા યોજાઈ. સભ્ય રાકેશ રાયે પુર રાહત, બાંધકામ પરવાનગી, ઔદ્યોગિક એકમોની આકારણી અને ૧૫મા નાણાપંચની એકમોની આકારણી અને ૧૫મા નાણાપંચની ખરીદી અંગે માહિતી માંગી હતી.

જુલાઈ ૨૦૨૬ના ૫,૯૭૭ લાભાર્થીઓ ને ૯,૫૬,૧૫,૮૦૦ રૂપિયાની સહાય ચૂકવાઈ છે. વંચિત પૂરગ્રસ્તોની યાદી પણ માંગવામાં આવી. બાંધકામ પરવાનગી, ઔદ્યોગિક એકમોની આકારણી અને GeM Portal દ્વારા થયેલી ખરીદી (ડસ્ટબિન, RO પ્લાન્ટ, સીસીટીવી, હાઈમાસ્ટ, LED સ્ટ્રીટલાઈટ, બાંકડા, ટ્રેક્ટર, ટેમ્પો, રિક્ષા) અંગે વિગતો માંગવામાં આવી. સામાજિક ન્યાય સમિતિની નવેસરથી રચના કરાઈ. વનિતાબેન ગોલકર, નીતાબેન પાટકર, વનીશભાઈ ધોડી, રાજેશભાઈ વાલી અને આકાશ સોલંકીનો સમિતિમાં સમાવેશ થયો હતો.

## વુડામાં પ્લાનિંગ આસિસ્ટન્ટ નિમાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (વુડા)માં વર્ગ-૩ના પ્લાનિંગ આસિસ્ટન્ટ અધિકારી તરીકે ભાર્ગવ પ્રવીણચંદ્ર ગરાસિયાની નિમણૂક કરવામાં આવી છે.

નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, ગાંધીનગર દ્વારા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મારફતે ભરતી કરાયેલા વર્ગ-૩ના કુલ ૯૪ જેટલા પ્લાનિંગ આસિસ્ટન્ટ અધિકારીઓના રાજ્યની વિવિધ મહાનગરપાલિકા, નગરપાલિકા તેમજ અન્ય સ્થળોએ પોસ્ટિંગના આદેશો જાહેર કરવામાં આવ્યા છે. આ નિમણૂક અંતર્ગત વાપી મહાનગરપાલિકા તથા વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (વુડા) માટે પ્લાનિંગ આસિસ્ટન્ટ અધિકારી તરીકે ભાર્ગવ પ્રવીણચંદ્ર ગરાસિયાની નિમણૂક કરાઈ છે.

આ ઉપરાંત પારડી નગરપાલિકા માટે પ્લાનિંગ આસિસ્ટન્ટ તરીકે સંકેત કુમાર મનોજભાઈ ચૌધરીની નિમણૂક કરવામાં આવી છે.

વાપી અને આસપાસના વિસ્તારોમાં શહેરી આયોજન તથા વિકાસલક્ષી કામગીરીને વધુ ગતિ મળવાની દિશામાં આ નિમણૂક મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

દમણગંગા ટાઈમ્સ
દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com









બાળ અધિકાર સંરક્ષણ આયોગની ગાંધીનગરની ટીમ દ્વારા

## ચીખલીના ખુંધ 'ચિલ્ડ્રન હોમ ફોર બોયઝની મુલાકાત લીધી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)** નવસારી, તા.૦૮ : ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરની ટીમ દ્વારા નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના ખુંધ ગામ ખાતે આવેલા 'ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ' ની વિશેષ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય સંસ્થામાં રહેતા બાળકોના અધિકારોનું જતન થાય, તેમને સુરક્ષિત, ઉત્સાહવર્ધક અને ભયમુક્ત વાતાવરણ મળી રહે તેમજ બાળ કલ્યાણકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ થાય તેની વાસ્તવિક પરિસ્થિતિનું સ્થળ પર નિરીક્ષણ કરવાનો હતો.

ગાંધીનગરથી ખાસ ઉપસ્થિત રહેલી આ ટીમમાં આયોગના અધ્યક્ષા ધર્મિષ્ઠાબેન ગજ્જર, સચિવ ડી.ડી. કાપડિયા, આયોગના સભ્ય અમૃતાબેન અખિયા તેમજ સભ્ય કમલેશભાઈ રાઠોડ આમ ચાર સભ્યોની ટીમે મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન ટીમ દ્વારા સંસ્થાના દૈનિક ભોજન પત્રક અનુસાર બાળકોને આપવામાં આવતા આહારની ગુણવત્તા, નિવાસી બાળકોની રહેઠાણ વ્યવસ્થા, આરોગ્યપ્રદ પરિસ્થિતિ અને શિક્ષણની સુવિધાઓનું ઝીણવટભર્યું અવલોકન કરવામાં આવ્યું હતું. આ સાથે જ આયોગના હોદ્દેદારોએ બાળકો સાથે સીધો સંવાદ સાધીને તેમની દૈનિક દિનચર્યા અને સુવિધાઓ અંગે જાણકારી મેળવી હતી.

આ મુલાકાત બાદમાં આ ટીમના સભ્યોએ જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર, ડીડીઓ અને વહીવટી તંત્રના અધિકારીઓ સાથે સર્વગ્રાહી સમીક્ષા બેઠક પણ યોજી હતી. બેઠકમાં આયોગના અધ્યક્ષાશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, બાળકો સાથે થતા કોઈપણ પ્રકારના અન્યાય, શોષણ કે બાળમજૂરી સામે આયોગ કડક પગલાં ભરવા કટિબદ્ધ છે. તેમણે નાગરિકોને પણ આવી વિપરીત પરિસ્થિતિમાં તાત્કાલિક હેલ્પલાઈન નંબર ૧૧૨ પર જાણ કરવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત ટીમે બાળ કલ્યાણ સમિતિ સાથે પણ અલગથી બેઠક યોજી બાળકોના સંરક્ષણ અને પુનર્વસનના પ્રશ્નો પર ચર્ચા કરી સંસ્થાના સંચાલકોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## વાંસદાના હોમગાર્ડ જવાનનો સિંગાપોરમાં ડંકો, મુખ્યમંત્રીના હસ્તે સન્માન






**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)** **વાંસદા, તા.૦૮ :** નવસારી જિલ્લા હોમગાર્ડ કમાન્ડર એસ.પી. બોરસેના માર્ગદર્શન હેઠળ વાંસદાના આંબાબારી ગામના વતની અને વાંસદા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોમગાર્ડ જવાન રણજીતભાઈ ઈક્કલભાઈ ભોયાએ આંતરરાષ્ટ્રીય સ્તરે મોટી સિદ્ધિ હાંસલ કરી છે.

તા. ૧૨-૧૩ જુલાઈ ૨૦૨૫ ના રોજ સિંગાપોર ખાતે યોજાયેલી ઈન્ટરનેશનલ સ્પર્ધામાં તેમણે ૧૧૦ મીટર હડલ્સમાં સિલ્વર મેડલ અને ૧૦૦ તથા ૨૦૦ મીટર દોડમાં ગોલ્ડ મેડલ જીત્યા હતાં. આ જીતના કારણે મુખ્યમંત્રીના હસ્તે સન્માન કરી તેમને મુખ્યમંત્રી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નવસારી જિલ્લા હોમગાર્ડ કમાન્ડર એસ.પી. બોરસે સાહેબ, વાંસદા યુનિટ ઓફિસર અજયસિંહ ચૌધરી, ક્લાર્ક હિરલ ભાવસાર તથા સમગ્ર સ્ટાફે અને વાંસદા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.કે. ગોસ્વામી તથા પોલીસ સ્ટાફે શુભેચ્છાઓ પાઠવી હતી.

## આણંદ ખાતે શિક્ષક અજય પટેલને પ્રતિષ્ઠિત 'નેશનલ એજ્યુકેશન ગ્લોરી એવોર્ડ' એનાયત




**બીલીમોરા, તા.૦૭ :** શિક્ષણ અને સમાજસેવા ક્ષેત્રે અગ્રેસર સંસ્થા બાલરક્ષક પ્રતિષ્ઠાન દ્વારા વિદ્યાનગરી આણંદ સ્થિત ભાનુભાઈ આઈ. પટેલ એલિકોન હોલ ખાતે રવિવારે નેશનલ એજયુકેશન ગ્લોરી એવોર્ડ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહમાં શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ અને સરાહનીય પ્રદાન બદલ દેશભરમાંથી પસંદગી પામેલા શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત સ્થિત રૂ.સી.મા. પુણાવાળા સાર્વજનિક એક્સપેરીમેન્ટલ સ્કૂલના સંગીત અને ચિત્ર શિક્ષક અજયકુમાર પટેલને રાષ્ટ્રીય સ્તરના ગૌરવવંતા એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

કાર્યક્રમનો શુભારંભ ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે એમ.એસ. યુનિવર્સિટી વડોદરાના પ્રો.(ડૉ.) ભરત મહેતા, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદના સ્ટુડન્ટ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર ડૉ. નિશા જોશી, કરમસદ સંતરામપુર મંદિરના પૂજ્ય મોરારિદાસજી મહારાજ તેમજ આણંદના જિલ્લા શિક્ષણાધિકારી કામિનીબેન ત્રિવેદી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે અજયકુમાર પટેલને એવોર્ડ ટ્રોફી અને પ્રશસ્તિપત્ર એનાયત કરી બહુમાન કરાયું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ શિક્ષકોની ભૂમિકાને બિરદાવતા જણાવ્યું હતું કે, શિક્ષકો સાચા અર્થમાં રાષ્ટ્ર અને સમાજના ઘડવૈયા છે. સાથે જ તેમણે બાલરક્ષક પ્રતિષ્ઠાન દ્વારા શિક્ષણ તથા બાળ કલ્યાણ ક્ષેત્રે ચાલતી પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી.રાષ્ટ્રીય ફલક પર શાળા તેમજ સુરત શહેરનું નામ રોશન કરવા બદલ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના હોદ્દેદારો, શાળાના આચાર્ય કિશોરકુમાર જાની તેમજ સમગ્ર શાળા પરિવારે શિક્ષક અજય પટેલને ગૌરવભેર અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## આજે વાંસદા કોલેજ ખાતે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાશે

**વાંસદા, તા.૦૭ :** મતિયા પાટીદાર આયુર્વેદ હોસ્પિટલ (ઉકા તરસાડીયા યુનિવર્સિટી) તરફથી તારીખ ૦૯/૧૦/૨૬ અને શુક્ર વાર ના રોજ સરકારી વિનયન,વાણિજય અને વિજ્ઞાન કોલેજ, વાંસદા ખાતે સમય ૧૦:૦૦થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી આયુર્વેદિક જનરલ મેડિકલ ચેકઅપ કેમ્પ નું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં બધી જ સેવાઓ નિઃશુલ્ક રહેશે. નિદાન બાદ દવા પણ મફતમાં આપવામાં આવશે અને નિઃશુલ્ક આંખનું ચેકઅપ કરવામાં આવશે. અને જરૂરિયાત મંદને નિશુલ્ક ચશ્માનું વિતરણ કરવામાં આવશે તો દરેક ગામજનોને સેવાનો લાભ લેવા વિનંતી સ્ત્રી રોગ ના નિષ્ણાત md /ms ડૉક્ટર થી માર્ગદર્શન મળશે. ૪૦ વર્ષ થી ૫૦ વર્ષ સુધીની મહિલા ઓ માટે માસિક સ્રાવ નિવૃતિ  અને pcod અને pcos માર્ગદર્શન અને આહાર પ્રવિહાર, દિનચર્યાનું પણ માર્ગદર્શન md ડૉક્ટર દ્વારા મળશે.

## બીલીમોરામાં 'ટીબી મુક્ત અભિયાન' હેઠળ 'જોશ ટીમ'નો શુભારંભ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)** **બીલીમોરા, તા.૦૮ :** બીલીમોરા નગરપાલિકા હોલ ખાતે ગુરુવારે આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ 'ટીબી મુક્ત અભિયાન' અંતર્ગત 'જોશ ટીમ'નો ભવ્ય શુભારંભ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત ૨૫ જેટલા ટીબીના દર્દીઓને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત જિલ્લા ક્ષય અધિકારી ડૉ. પિનાકીન દ્વારા ઉપસ્થિત લાભાર્થીઓને ટીબીના લક્ષણો, સારવાર તેમજ 'જોશ ટીમ'ની કામગીરી વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રંગૂનવાલા, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મયંક, જિલ્લા RCH અધિકારી ડૉ. રાજેશ, જિલ્લા ક્ષય અધિકારી ડૉ. પિનાકીન, જિલ્લા રોગચાળા અધિકારી ડૉ. ભાવેશ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. અંજનાના માર્ગદર્શન હેઠળ આયોજન કરાયું હતું. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ મનીષ પટેલ, શહેર ભાજપ શહેર પ્રમુખ નિરવ ટેલર, મહામંત્રી ભરત પટેલ તેમજ નગરપાલિકાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન તાલુકા સુપરવાઈઝર ભરતભાઈ તથા ટીબી સ્ટાફના જીગ્નેશભાઈ, અશ્વિનભાઈ અને અમિતભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે અર્બન હેલ્થ સેન્ટરના ડૉ. રાજેન્દ્ર એમ. ગઢવીએ તમામ મહેમાનો તેમજ સહયોગી સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ડાંગમાં સાસુ-વહુના પારિવારિક વિવાદમાં ૧૮૧ની સમજાવટથી સુખદ સમાધાન

**સાપુતારા, તા.૦૭ :** ડાંગ જિલ્લાના એક ગામમાં સાસુ-વહુ વચ્ચેના પારિવારિક મતભેદને કારણે ઘરમાંથી બહાર કાઢી મૂકવાની સ્થિતિ ઊભી થતાં પીડિત મહિલાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર મદદ માંગી હતી.ઘટનાની ગંભીરતા જોઈ અભયમ ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, ચાંદલા વિધિ બાદ છેલ્લા એક વર્ષ અને ત્રણ મહિનાથી સાસરીમાં રહેતી મહિલાને ઘરગથ્થુ કામકાજ તેમજ તબિયત બાબતે સાસુ-સસરા દ્વારા વારંવાર રોકટોક અને ટિપ્પણીઓ કરવામાં આવતી હતી. આ બાબતે તણાવ વધતા સાસુએ વહુને ઘર છોડી દેવા જણાવતાં મહિલા માનસિક રીતે વ્યથિત થઈ ગઈ હતી અને અંતે હેલ્પલાઈનનો સહારો લીધો હતો.સ્થળ પર પહોંચેલી ૧૮૧ અભયમ ટીમે સંવેદનશીલ અભિગમ દાખવી બંને પક્ષોની વાત શાંતિપૂર્વક સાંભળી પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યું હતુ. ટીમે સાસુ અને વહુ બંનેનું સઘન કાઉન્સેલિંગ કરી પરસ્પર સન્માન, સંવાદ અને ક્ષમાશીલતાથી પારિવારિક પ્રશ્નો ઉકેલવાનું મહત્વ સમજાવ્યું હતુ.સાથે જ મહિલાને તેના કાયદાકીય અધિકારો, ઘરેલું હિંસા સામે સુરક્ષા તેમજ જરૂર પડે પોલીસ અને કાનૂની સહાય મેળવવાની પ્રક્રિયા અંગે પણ માહિતી આપી હતી. ૧૮૧ અભયમ ટીમની યોગ્ય સમજાવટ અને માર્ગદર્શનના પરિણામે બંને પક્ષોએ ઉતાવળિયા નિર્ણયો બાજુએ મૂકી, પરસ્પર સહકાર અને સમજણથી સાથે રહેવાની સંમતિ દર્શાવી હતી.આમ, અભયમ ટીમની સમયસૂચકતા અને અસરકારક કાઉન્સેલિંગથી એક પરિવાર તૂટતો બચી ગયો હતો અને વિવાદનો સુખદ અંત આવ્યો હતો.

વનસ્પતિશાસ્ત્ર તથા વન્યજીવ સંરક્ષણ અંગે

## વાંસદાની સરકારી કોલેજ ખાતે માર્ગદર્શન સેમિનાર યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)** **વાંસદા, તા.૦૮ :** તા.૦૭/૧૦/૨૦૨૬ને બુધવારનાં રોજ વાંસદા નેશનલ પાર્ક, નવતાડ,દક્ષિણ ડાંગ વનવિભાગ તથા સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, વાંસદાના સંયુક્ત ઉપક્રમે કોલેજના આચાર્ય ડૉ. વાય. જે. મિસ્ત્રી ના માર્ગદર્શન હેઠળ કોલેજની IQAC કમિટી, સપ્તધારા અંતર્ગત સમુદાય સેવા ધારા તથા રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ના સંયુક્ત સહયોગથી વનસ્પતિશાસ્ત્ર તથા વન્યજીવ સંરક્ષણ વિષય પર માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરકારી કૉલેજ, દમણના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. સંદીપકુમાર એલ. પટેલ તેમજ વાંસદા નેશનલ પાર્ક, નવતાડના અધિક્ષક વાંસદા નેશનલ પાર્ક હીનાબેન પટેલ સહિત મીનાબેન ધૂમ, ગીતાબેન ગોહિલ અને સુનિલભાઈ ધારેવાડિયા ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું કોલેજ પરિવાર વતી આચાર્ય ડૉ. વાય. જે. મિસ્ત્રી એ શાબ્દિક પરિચય સાથે ઔષધીય છોડ અર્પણ કરીને ભાવભર્યું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભે આચાર્ય ડૉ. વાય. જે. મિસ્ત્રી એ વિદ્યાર્થીઓને વન્યજીવો અને માનવ વસાહત વચ્ચે વધતા સંપર્કના સંદર્ભમાં સાવચેતી રાખવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. તાજેતરમાં ભીનાર વિસ્તારમાં બનેલી ઘટનાનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતુ કે, જંગલ વિસ્તારમાં વસવાટ કરતા લોકો માટે વન્યજીવોની હાજરીને સમજવી અને જરૂરી સાવચેતી રાખવી અત્યંત આવશ્યક છે. વન્ય પ્રાણી દ્વારા કોઈ હુમલો થાય તેવી પરિસ્થિતિમાં ગભરાયા વિના સાવચેતીપૂર્વક પોતાની સુરક્ષા જાળવવી જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વન્યજીવોનું રક્ષણ, જંગલોની જાળવણી તથા પ્રકૃતિ અને પર્યાવરણનું સંવર્ધન એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે. માનવ અને વન્યજીવો વચ્ચે સંતુલિત સહઅસ્તિત્વ જળવાઈ રહે તે માટે સૌએ સંવેદનશીલ અને જવાબદાર અભિગમ અપનાવવો જોઈએ.

સેમિનાર દરમિયાન PPTના માધ્યમથી વિવિધ ઔષધીય વનસ્પતિઓ અંગે રસપ્રદ અને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. સ્થાનિક વિસ્તારમાં જોવા મળતી ઔષધીય વનસ્પતિઓના પરિચય સાથે તેમના પરંપરાગત ઉપયોગો અંગે વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી. ખાસ કરીને ડાયાબિટીસ, લોહીની ઉણપ તથા પ્રસૂતિ બાદ માતાને ધાવણ ન આવવાની સ્થિતિમાં પરંપરાગત રીતે ઉપયોગમાં લેવાતી કેટલીક વનસ્પતિઓના ઉદાહરણો આપી માહિતી આપવામાં આવી હતી. સાથે જ ઔષધીય વનસ્પતિઓનો ઉપયોગ નિષ્ણાતની સલાહ અને યોગ્ય માર્ગદર્શન હેઠળ જ કરવો જોઈએ તેમ પણ જણાવ્યું હતું.

## ડાંગમાં ATVT યોજનાના રૂા.૪.૫ કરોડના વિકાસ કામોને લઈ વિવાદ

**ન્યાય નહીં મળે તો હાઈકોર્ટમાં રિટ કરવાની ચીમકી**

**સાપુતારા, તા.૦૮ :** ડાંગ જિલ્લા આયોજન કચેરી દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે ATVT (વિકાસશીલ તાલુકા) યોજના હેઠળ આહવા, વઘઈ અને સુબીર તાલુકા માટે મંજૂર કરવામાં આવેલા કુલ રૂ. ૪૫૦ લાખના વિવિધ વિકાસ કામોના આયોજનને લઈને સ્થાનિક જનપ્રતિનિધિઓમાં નારાજગી જોવા મળી રહી છે.આ અંગે તાલુકા પંચાયત આહવાના સદસ્ય રાકેશભાઈ ભરતભાઈ પવારે વિકાસ કમિશનર તેમજ જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી સમગ્ર પ્રક્રિયા અંગે ગંભીર આક્ષેપો કર્યા છે.રજૂઆતમાં જણાવ્યા મુજબ, ચૂંટાયેલા સ્થાનિક જનપ્રતિનિધિઓ એવા તાલુકા સદસ્યોને વિશ્વાસમાં લીધા વિના, તેમની સાથે કોઈ ચર્ચા કે પરામર્શ કર્યા વગર વિકાસ કામો નક્કી કરવામાં આવી રહ્યા છે. એટલું જ નહીં, સમગ્ર પ્રક્રિયાની જાણકારીથી જનપ્રતિનિધિઓને દૂર રાખવામાં આવતા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.રજૂઆતમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે તાલુકા પંચાયત દ્વારા જરૂરી કમિટી રચ્યા વિના વિકાસ કામોની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે અને કેટલાક કામો પોતાના માનીતા લોકોને ફાળવવામાં આવી રહ્યા છે. જોકે, આ અંગે સંબંધિત તંત્ર તરફથી સત્તાવાર સ્પષ્ટતા સામે આવી નથી.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૯-૧૦-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** ભાદરવો વદ, ચૌદસ, **સૂર્યોદય :** ૦૬ : ૩૭ **સૂર્યાસ્ત** ૦૬ : ૧૬, **ચંદ્રોદય** - ૦૫:૦૮ **ચંદ્રાસ્ત** - ૦૫:૨૪ **ચંદ્ર રાશિ :** કન્યા, **નક્ષત્ર** - ઉત્તરા ફાલ્ગુની

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** પરિવારની કોઈ બાબતમાં ઉતાવળથી નિર્ણય ન લેવો. પૈસાની બાબતમાં દિવસ સામાન્યથી સારો રહેશે.

**વૃષભ(બ.વ.ઉ) :** પરિવાર સાથે મહત્વની ચર્ચા થઈ શકે છે. ખર્ચ વધે નહીં તેનું ધ્યાન રાખવું. જૂનું અટકેલું કામ આગળ વધી શકે છે.

**મિથુન(ક.છ.ઘ) :** અચાનક ઘરખર્ચ થઈ શકે છે. કામકાજમાં કોઈ વ્યક્તિની મદદથી મુશ્કેલી સરળ બની શકે છે. મનમાં ચાલતી ચિંતા વિશે વિશ્વાસુ વ્યક્તિ સાથે વાત કરવાથી હળવાશ અનુભવશો.

**કર્ક(ડ.હ) :** નોકરી અથવા વ્યવસાયમાં ધીરજ રાખશો તો પરિસ્થિતિ તમારા પક્ષમાં આવી શકે છે. પરિવારના સભ્ય સાથે મતભેદ થાય તો શાંતિથી વાત કરવી.

**સિંહ(મ.ટ.) :** કામમાં તમારી વાતને મહત્વ મળશે. જોકે લાગણીમાં આવીને બિનજરૂરી ખર્ચ ન કરવો. પ્રેમ અને સંબંધોમાં સ્પષ્ટતા રાખવી.

**કન્યા(પ.ઠ.ણ.) :** કાર્યસ્થળે તમારી મહેનતની નોંધ લેવાશે. કોઈની ટીકા કરતાં પહેલાં પરિસ્થિતિ સમજવી.

**તુલા (ર.ત.) :** સંબંધોમાં મધુરતા રહેશે. પૈસાની બાબતમાં સમજદારીપૂર્વક નિર્ણય લેવાથી લાભ થઈ શકે છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આર્થિક સ્થિતિ મજબૂત બનાવવા માટે યોગ્ય સમય છે. ગુસ્સો અથવા અતિશય આત્મવિશ્વાસ ટાળશો તો દિવસ વધુ સારો રહેશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** કોઈ અનુભવી વ્યક્તિની સલાહ લાભદાયક બની શકે છે. પ્રવાસ અથવા કામ સંબંધિત આયોજન થઈ શકે છે. ખર્ચ કરતા પહેલાં બે વાર વિચારવું.

**મકર(જ.ખ) :** અધિકારીઓ સાથે સંબંધ સુધરશે. લાંબા સમયથી રાહ જોતા નિર્ણયમાં આગળ વધવાની તક મળી શકે છે.

**કુંભ(ગ.શ.સ.) :** ભૂતકાળની વાતોમાં અટવાઈ રહેવાને બદલે વર્તમાન પર ધ્યાન આપવું. સંબંધોમાં ખુલ્લી વાતચીત લાભદાયક રહેશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** અહંકારને કારણે કોઈ સારો સંબંધ બગડે નહીં તેનું ધ્યાન રાખવું. કામમાં ધીરજ રાખશો તો દિવસના અંતે સંતોષકારક પરિણામ મળી શકે છે.

## દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

**શુક્રવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫ઃ૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૦૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | 3 | | | | 6 | 1 | |
| 5 | | | | | | | | 9 |
| | | 8 | | 4 | | 7 | | |
| 1 | | 4 | 2 | | 3 | 5 | | 7 |
| | | | | | | | | |
| 7 | | 2 | 8 | | 6 | 9 | | 4 |
| | | 7 | | 6 | | 1 | | |
| 6 | | | | | | | | 8 |
| | 9 | 5 | | | | 3 | 4 | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

### સુડોકુ નં.૫નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | 9 | 1 | 3 | 8 | 6 | 2 | 7 |
| 1 | 2 | 8 | 7 | 9 | 6 | 3 | 4 | 5 |
| 6 | 7 | 3 | 5 | 4 | 2 | 8 | 9 | 1 |
| 8 | 1 | 2 | 3 | 6 | 5 | 9 | 7 | 4 |
| 3 | 6 | 7 | 4 | 2 | 9 | 1 | 5 | 8 |
| 9 | 5 | 4 | 8 | 1 | 7 | 2 | 3 | 6 |
| 4 | 8 | 1 | 9 | 5 | 3 | 7 | 6 | 2 |
| 7 | 3 | 6 | 2 | 8 | 4 | 5 | 1 | 9 |
| 2 | 9 | 5 | 6 | 7 | 1 | 4 | 8 | 3 |

## કપરાડામાં વરસાદ ખેંચાતા ખેડૂતોની દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૮ :** કપરાડા તાલુકામાં છેલ્લા એક મહિનાથી વરસાદ ન પડતાં ખેડૂતોની ચિંતા વધી છે. વરસાદ આધારિત ખેતી પર નિર્ભર ખેડૂતોના પાકને નુકસાન થતાં કપરાડાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી તાત્કાલિક પાક નુકસાનનો સર્વે કરાવી વળતર ચૂકવવાની માંગ સાથે આદિવાસી સમાજના આગેવાનોએ તાલુકા વિકાસ અધિકારી (TDO)ને આવેદનપત્ર આપ્યું હતું.

કપરાડાના મોટાભાગના વિસ્તારોમાં સિંચાઈની પૂરતી સુવિધા ન હોવાથી ખેડૂતો વરસાદ પર નિર્ભર છે. વરસાદ ખેંચાતા ડાંગર, અડદ, નાગલી, તુવેર અને કુળીઠ સહિતના પાકો તેમજ દૂધી, તુરીયા, ગલકા, કારેલા, ટામેટા, રીંગણ, ભીંડા, લીલી હળદર, કચોરા, કંદ અને શક્કરિયા જેવા શાકભાજીના પાકને નુકસાન થયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આદિવાસી સમાજે અધિકારીઓને સ્થળ પર જઈ પાક નુકસાનનો સર્વે કરાવવા અને ૧૫ દિવસમાં લેખિત જવાબ આપવા માંગ કરી છે. કપરાડાના ૯૯ ગામોની મોટી વસ્તી ખેતી અને મજૂરી પર નિર્ભર હોવાથી વરસાદ ખેંચાતા ગ્રામ્ય અર્થતંત્ર પર પણ અસર થવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આવેદન આપતી વખતે ભાસ્કરભાઈ શિંગાડે, ધનસુખ કડુ, મહેશભાઈ છનાભાઈ વળવી, ડૉ. કિરણભાઈ જાદવ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## આજથી દમણમાં મતદાર યાદી સેવાઓ માટે ખાસ શિબિર યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૦૮ :** જિલ્લા ચૂંટણી કચેરી દ્વારા ૮ અને ૯ ઓક્ટોબરના રોજ દમણ જિલ્લાની વિવિધ કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં ખાસ મતદાર યાદી સેવા શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ શિબિરો સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી યોજાઈ રહ્યા છે.

આ શિબિરોનો મુખ્ય ઉદ્દેશ્ય લાયક નાગરિકો, ખાસ કરીને ૧૭ વર્ષની ઉંમર પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓ અને યુવાન મતદારોને મતદાર નોંધણી સહિતની આવશ્યક ચૂંટણી સેવાઓ પૂરી પાડવાનો છે.

આ ખાસ શિબિરો સરકારી કોલેજ, સરકારી એન્જિનિયરિંગ કોલેજ, સરકારી પોલિટેકનિક, ITI, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી, સરકારી કોલેજ ઓફ નર્સિંગ, વૈદિક ડેન્ટલ કોલેજ દલવાડા, શ્રીનાથજી કોલેજ વરકુંડ, પબ્લિક સ્કૂલ નાની દમણ અને માછી મહાજન સ્કૂલ નાની દમણ ખાતે યોજાઈ રહ્યા છે. ચૂંટણી વિભાગે તમામ પાત્ર નાગરિકો, ખાસ કરીને યુવાનો અને પહેલી વાર મતદારોને આ ખાસ શિબિરોનો લાભ લેવા અપીલ કરી છે. લાયક વિદ્યાર્થીઓને જરૂરી દસ્તાવેજો સાથે શિબિરમાં પહોંચવા અને ત્યાં તૈનાત બૂથ લેવલ અધિકારીઓ પાસેથી મદદ લેવા માટે કહેવામાં આવ્યું છે.

## દમણમાં વિકસિત ભારત સંકલ્પ સભા અને સેવા જ્યોતિ યાત્રા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૦૮ :** દમણમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા વિકસિત ભારત સંકલ્પ સભા અને સેવા જ્યોતિ યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપના નવા પ્રદેશ પ્રભારી વર્ષાબેન દોષી અને સંગઠન મંત્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને પક્ષના આગેવાનો જોડાયા હતા.

દમણના સ્વામી વિવેકાનંદ હોલ ખાતે આયોજિત વિકસિત ભારત સંકલ્પ સભામાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લાઈવ કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત ભાજપના આગેવાનો અને કાર્યકરોએ વડાપ્રધાનના સંબોધનને લાઈવ નિહાળ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિકસિત ભારતના સંકલ્પ સાથે દેશના વિકાસને જનભાગીદારી સાથે આગળ વધારવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.




સભા બાદ કાર્યક્રમ સ્થળેથી સેવા જ્યોતિ પ્રજ્વલિત કરવામાં આવી હતી. સેવા અને જનકલ્યાણના સંકલ્પ સાથે સેવા જ્યોતિ રથ સાથે સેવા જ્યોતિ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રદેશ ભાજપ પ્રમુખ મહેશ અગરિયા સહિત ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, ભાજપના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉત્સાહપૂર્વક પદયાત્રામાં જોડાયા હતા.

સેવા જ્યોતિ યાત્રા દરમિયાન કાર્યકરો દ્વારા સેવા અને જનકલ્યાણના સંદેશ સાથે આગળ વધવામાં આવ્યું હતું. યાત્રા સ્વામી વિવેકાનંદ હોલથી શરૂ થઈ મશાલ ચોક થઈને ભાજપ કાર્યાલય ખાતે પહોંચી હતી. માર્ગમાં કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

ભાજપના આગેવાનોના જણાવ્યા અનુસાર, સેવા જ્યોતિ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ સેવા, સમર્પણ અને જનકલ્યાણના સંકલ્પને લોકો સુધી પહોંચાડવાનો છે. કેન્દ્ર સરકાર અને પ્રદેશમાં ચાલી રહેલા વિવિધ વિકાસકાર્યો તેમજ જનહિતની યોજનાઓનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે દિશામાં સંગઠન દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત ભાજપના કાર્યકરો અને આગેવાનોએ વિકસિત ભારતના નિર્માણમાં જનભાગીદારી અને સેવાના ભાવને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ અને એકતાનો માહોલ જોવા મળ્યો હતો.

## વાપીની આર. કે. દેસાઈ કોલેજનું ગૌરવ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૮ :** એસ. વી. કોલેજ ઓફ એજ્યુકેશન, કડી ખાતે સ્ટેટ લેવલની ડિજિટલ પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાપી ખાતે આવેલી આર. કે. દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશનના એફ. વાય. બી. એડના તાલીમાર્થીઓ પટેલ નિધિ અને દેસાઈ ખુશીએ સ્ટેટ લેવલ ડિજિટલ પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ સ્પર્ધામાં રાજ્યભરમાંથી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં સર્જનાત્મકતા, વિષયની રજૂઆત, ડિજિટલ કૌશલ્ય, કલાત્મક અભિવ્યક્તિ તથા નવીન વિચારોના આધારે પોસ્ટરનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આર. કે. દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રતિનિધિએ પોતાની સર્જનાત્મકતા અને ડિજિટલ કૌશલ્ય દ્વારા સૌનું ધ્યાન આકર્ષિત કરી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તેમની આ સિદ્ધિ માટે કોલેજના અધ્યાપક પ્રા. પિયુષ પટેલ દ્વારા તાલીમાર્થીઓને ડિજિટલ પોસ્ટર મેકિંગ ક્ષેત્રે ઉચ્ચ સ્તરે પોંહચાડવા એમનું માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવા માટે મોટો ફાળો રહ્યો છે. આ સિદ્ધિ મેળવવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા કેમ્પસડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહ તેમજ કોલેજના આચાર્ય ડૉ. પ્રીતિ ચૌહાણ, બી. એડ વિભાગના હેડ ડૉ. ગુંજન વશી અને અધ્યાપકગણ તથા સમગ્ર કોલેજ પરિવાર દ્વારા વિજેતા થયેલ તાલીમાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. કોલેજના આચાર્ય એ જણાવ્યું હતું કે, આવી સ્પર્ધાઓ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક વિચારશક્તિ, ટેક્નોલોજીનો સર્જનાત્મક ઉપયોગ અને આત્મવિશ્વાસ વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વિદ્યાર્થીની આ સિદ્ધિ સમગ્ર કોલેજ પરિવાર માટે ગૌરવની ક્ષણ બની છે અને અન્ય વિદ્યાર્થીઓને પણ નવીનતા તથા સર્જનાત્મક ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણા પૂરી પાડે છે.

## પારડી પાલિકા દ્વારા સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૮ :** રાજ્ય સરકારના પારદર્શી પ્રશાસનના સંકલ્પને સાકાર કરવા માટે પારડી નગરપાલિકા દ્વારા સેવા સેતુ કાર્યક્રમ ૧૨મો તબક્કોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકોની માંગણીઓનો સ્થળ પર જ નિકાલ કરવાનો અને વિવિધ સરકારી યોજનાઓનો લાભ જન-જન સુધી પહોંચાડવાનો છે. આ કાર્યક્રમ વિશે માહિતી આપતા પારડી નગરપાલિકાના ચીફ ઓફિસર કોમલબેને જણાવ્યું હતું કે, આજરોજ સવારે પારડીમાં લોકો વિવિધ સેવાઓ એક જ સ્થળે મેળવવા માટે ભેગા થયા હતા. નગરપાલિકાની તમામ સેવાઓ, બેંકની સેવાઓ, રેવન્યુ વિભાગની સેવાઓ તેમજ આઈસીડીએસ (હેલ્થ અને આંગણવાડી)ની સેવાઓ એક જ છત્ર નીચે નાગરિકોને મળી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું કે આ કાર્યક્રમમાં લોકો ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો આ સેવા સેતુ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ ચેતન નાયકા, ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ, કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી, બાંધકામ અધ્યક્ષ પ્રણવ દેસાઈ, ટાઉન પ્લાનિંગ શિરીષ પટેલ, શહેર પ્રમુખ વિપુલ પટેલ આ ઉપરાંત પાલિકાના ચૂંટાયેલા સભ્યો અને નગરપાલિકાનો સ્ટાફ પણ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવામાં સહભાગી બન્યા હતા.

## ધરમપુરમાં 'નેશનલ રૂરલ IT ક્વિઝ' સંપન્ન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૮ :** જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) ખાતે તા. ૦૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વલસાડ જિલ્લા કક્ષાની 'નેશનલ રૂરલ IT ક્વિઝ' સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ડિસ્ટ્રિક્ટ કમ્યુનિટી સાયન્સ સેન્ટર (નવસારી), ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCoST, ગાંધીનગર) અને જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર (ધરમપુર) ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ સ્પર્ધાની શરુઆત વર્ષ ૨૦૦૦થી ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) તથા માધ્યમિક અને આઈ.ટી.આઈ. વિભાગના સહયોગથી કરવામાં આવી છે. કોર્પોરેશન હદ બહારના ગ્રામ્ય વિસ્તારના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓમાં ઈ-ઈન્ફોર્મેશન, આઈ.ટી., વિજ્ઞાન અને ડિજિટલ જ્ઞાન પ્રત્યે રસ કેળવવો તેમજ તેમની તર્કશક્તિ અને સ્પર્ધાત્મક ક્ષમતા વિકસાવવી એ આ ક્વિઝનો મુખ્ય હેતુ છે. સ્પર્ધા દરમિયાન કમ્પ્યુટર પ્રોડક્ટ્સ, આઈ.ટી.નો ઈતિહાસ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, એઆઈ, ટેલિકોમ, રોબોટિક્સ અને એપ્લિકેશન્સ




જેવા વિષયો પર પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાંથી વિજેતા બનેલા વિદ્યાર્થીઓ ફહાદ શેખ, જશ પટેલ, જીલ પટેલ, પ્રથમ પટેલ (B.R.J.P. પારડીવાલા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ, પારડી), સુહિના સિંધિ, હેત કમલેશભાઈ (નાનાપોંઢા પ્રાથમિક શાળા), વિવાન ભોયા (પી.એમ. શ્રી વારોલી તલાટ શાળા), સિદ્રા અન્સારી (ભોલાનગર પ્રાથમિક શાળા), ગાવલી પૂનમ, સાત્વિક પટેલ (વિદ્યા મંદિર શેરીમાળ પ્રાથમિક શાળા), દિયા પટેલ (ભાગડાવાડા પ્રાથમિક શાળા) તથા ખુશીબેન કોલચા (કોસમકુવા પ્રાથમિક શાળા) હવે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. કાર્યક્રમ દરમિયાન વન્યજીવ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે 'જટાયુ' ફિલ્મનું સ્ક્રીનિંગ, ઉઝ શો તથા આધુનિક ટેલિસ્કોપથી સૂર્યના કલંકો (Sunspots)નું અવલોકન કરાવવામાં આવ્યું હતું, સાથે જ 'વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (VVM) ૨૦૨૬-૨૭' અંગે પણ સહભાગીઓને માહિતી પૂરી પાડવામાં આવી હતી. જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ ડી. રાઠોડ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાયા હતા તથા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રમાણપત્રો તેમજ સ્મૃતિચિહ્નો એનાયત કરવામાં આવ્યા હતા. GUJCoST (નવસારી)ના CSC કોઓર્ડિનેટર મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં ૮ શાળાઓમાંથી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અતિથિઓ મળીને કુલ ૧૩૦ જેટલા પ્રતિભાગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અબ્રામાની રેની સોલંકીએ ટેકવોન્ડો ગોલ્ડ મેડલ મેળવ્યો



**વલસાડ, તા. ૦૮ :** ગુજરાત સ્ટેટ ટેકવોન્ડો ચેમ્પિયનશીપ-૨૦૨૬ અમદાવાદના નરોડા ખાતે મહર્ષિ સાંદિપની સ્કૂલ ખાતે યોજાઈ હતી. જેમાં ગુજરાતભરના રમતવીરોએ ભાગ લીધો હતો. જેમાં ઓપન અંડર-૧૪માં આયોજિત કરાટે સ્પર્ધામાં વલસાડના અબ્રામા ખાતે મણીબાગ-૩ સોસાયટીમાં રહેતી રેની જિતેન્દ્ર સોલંકીએ પ્રથમ ક્રમે વિજેતા થઈ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

તેમની આ સિધ્ધિ બદલ પરિવાર અને સમાજ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા સાથે જ ભવિષ્યમાં રેની સોલંકી ઉત્તરોતર પ્રગતિ કરતી રહે એવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## કચીગામમાં શિક્ષણ અને બાળ વિકાસ સુવિધાઓનું નિરીક્ષણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૦૮ :** ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તથા દાદરા અને નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશના પ્રભારી વર્ષાબેન દોષીએ આજે દમણ જિલ્લાના કચીગામમાં ગ્રામ પંચાયત વિસ્તારની મુલાકાત લઈ આંગણવાડી કેન્દ્ર અને નવનિર્મિત શાળાની મુલાકાત લીધી હતી.



આ મુલાકાત દરમિયાન ભાજપ કદેશ અધ્યક્ષ મહેશભાઈ અગરિયા, કદેશ મહામંત્રી જિગ્નેશભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી સુનીલ પાટીલ, પ્રદેશ ઉપાધ્યક્ષ તથા કચ્છીગામ ગ્રામ પંચાયતના સરપંચ ફાલ્ગુનીબેન પટેલ, પ્રદેશ મંત્રી ઉર્વશીબેન પટેલ, દમણ જિલ્લા ભાજપ અધ્યક્ષ ભરતભાઈ પટેલ, દમણ જિલ્લા પંચાયતના ઉપાધ્યક્ષ રીનાબેન પટેલ સહિત ભાજપના સ્થાનિક હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

વર્ષાબેન દોષીએ કચ્છીગામની આંગણવાડીની મુલાકાત દરમિયાન બાળકો સાથે આત્મીય સંવાદ કર્યો હતો. તેમણે બાળકોને ચોકલેટ સહિતની સામગ્રીનું વિતરણ કર્યું હતું. તેમજ બાળકોના વાલીઓ સાથે વાતચીત કરી આંગણવાડી મારફતે બાળકોને મળી રહેલી સુવિધાઓ અને વ્યવસ્થાઓ અંગે માહિતી મેળવી હતી. આ પ્રસંગે આંગણવાડી કાર્યકર્તા બહેનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમણે કચ્છીગામ સ્થિત નવનિર્મિત શાળાની મુલાકાત લઈ શાળા પરિસરની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરી શિક્ષણ તથા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અંગે માહિતી મેળવી હતી. આ પ્રસંગે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ આપ્યો હતો.

વર્ષાબેન દોષીએ જણાવ્યું હતું કે શિક્ષણ અને બાળ વિકાસ સમાજના ઉજ્જવળ ભવિષ્યનો પાયો છે. બાળકોને સારું શૈક્ષણિક વાતાવરણ, આધુનિક સુવિધાઓ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે સૌએ સાથે મળીને કાર્ય કરવાની જરૂર છે. આજના બાળકો જ વિકસિત ભારતના ભવિષ્યના નિર્માતા છે, તેથી તેમના શિક્ષણ, સંસ્કાર અને સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપવી જરૂરી છે. તેમણે વધુમાં કચ્છીગામ ગ્રામ પંચાયત દ્વારા બાળકો અને શિક્ષણ સાથે જોડાયેલા કરવામાં આવી રહેલા કાર્યોની માહિતી મેળવી હતી અને સંબંધિત હોદ્દેદારોને જરૂરી સૂચનો પણ આપ્યા હતા.

## વાપી મુસ્કાન ગૃપનું સન્માન કરાયું




**વાપી, તા.૮ :** ગરીબ ટીબી દર્દીઓ માટે છેલ્લા પાંચ વર્ષથી અથાક મહેનત કરી રહેલી મુસ્કાન ટીમ વાપી નું આજે જિલ્લા અધિકારીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

વલસાડ સિવિલ મેડિકલ કોલેજ ખાતે આજે ટીબી મુક્ત ભારત માટે જોશ નામનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો.

વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન, જિલ્લા આરોગ્ય વડા હેતલ બેન, જિલ્લા વિકાસ અધિકારી ચપલોટ, ધારાસભ્ય અને માજી મંત્રી જીતુભાઈ ચૌધરી, ટીબી વિભાગના એચપી સિંહ, મેડિકલ કોલેજના ડીન અને અન્ય મહાનુભાવો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. મુસ્કાન ટીમ વાપી ના રીમા કાલાણી ના જણાવ્યા મુજબ તેમ ની ટીમ દર મહિને ગરીબ જરૂરિયાતમંદ અને ટીબી ના રોગથી પીડિત એવા દર્દીઓને મફત પોષણયુક્ત રાશન કીટનું વિતરણ કરે છે.

## વલસાડ જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા સ્વચ્છતા સેવા અભિયાન યોજાયું

**વલસાડ, તા. ૦૮ :** વલસાડ જિલ્લા આયુર્વેદ શાખા તથા સરકારી આયુર્વેદ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે હોસ્પિટલ ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. આ અભિયાન જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ઉર્વી પટેલ અને ઈ.ચા. વૈદ્ય પંચકર્મ વૈદ્ય સુમીત પટેલના નેતૃત્વમાં યોજાયું. સવારે ૯ કલાકે ડૉ. ઉર્વી પટેલ દ્વારા સ્વચ્છતા શપથ લેવડાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ અભિયાનમાં જિલ્લાના તમામ આયુર્વેદ - હોમિયોપેથી મેડિકલ ઓફિસરો, ફાર્માસિસ્ટો, સેવકગણ અને હોસ્પિટલ સ્ટાફ મળી કુલ ૭૯ કર્મચારીઓએ ભાગ લીધો હતો. સૌ દ્વારા OPD વિભાગ, પંચકર્મ વિભાગ, ઔષધાલય, હોસ્પિટલ પરિસર અને બગીચા વિસ્તારમાં સફાઈ કરવામાં આવી હતી. ઔષધિના ખાલી ડબ્બા, પ્લાસ્ટિક કચરો અને નકામી વસ્તુઓનો નિકાલ કરાયો હતો. આ પ્રસંગે ડૉ. ઉર્વી પટેલે જણાવ્યું કે, સ્વચ્છતા જ્યાં છે ત્યાં જ આરોગ્ય છે, આયુર્વેદમાં સ્વચ્છતાને પ્રથમ ધર્મ માન્યો છે. ત્યારબાદ તેઓ અન્ય કાર્યક્રમમાં હાજરી માટે રવાના થયા અને આગળનો કાર્યક્રમ ડૉ. કેતન વ્યાસની આગેવાનીમાં પૂર્ણ થયો હતો.

## દાનહમાં કોંગ્રેસે વોટ બચાવો, દેશ બચાવો અભિયાન શરૂ કર્યુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૦૮ :** અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ (AICC) અને દાદરા અને નગર હવેલી પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા લોકશાહી અધિકારો અને કામદારોના હિત સાથે જોડાયેલા મુદ્દાઓને લઈને 'વોટ બચાવો, દેશ બચાવો' અભિયાન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. કોંગ્રેસે લોકશાહી દમનના વિરોધમાં દેશવ્યાપી 'કાળો દિવસ' મનાવવાનું આહ્વાન કર્યું છે. આ અંતર્ગત ૧૬ ડિસેમ્બરે ખાનવેલ ખાતે વિરોધ પ્રદર્શનનું આયોજન પ્રસ્તાવિત હોવાનું જણાવાયું છે.

પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષના નેતૃત્વ હેઠળ કોંગ્રેસે સેલવાસ, દાદરા, ડેમની, મસાત, ખડોલી, ખાનવેલ અને રાખોલી સહિતના મુખ્ય ઔદ્યોગિક વિસ્તારોમાં ઔદ્યોગિક એકમો દ્વારા કથિત કાયદાકીય ઉલ્લંઘનો અંગે વહીવટીતંત્રના તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી છે.

કોંગ્રેસનો આક્ષેપ છે કે કેટલીક ઔદ્યોગિક એકમો દ્વારા મોટા પાયે પ્રોપર્ટી ટેક્સ ભરવામાં આવતો નથી, જેના કારણે સ્થાનિક ગ્રામ પંચાયતોની આવકને નુકસાન થઈ રહ્યું છે.



સ્થાનિક મૂળ નિવાસીઓ માટે નક્કી કરાયેલા ૮૦ ટકા સ્થાનિક રોજગારના નિયમના કથિત ભંગનો આક્ષેપ કર્યો છે. ઉપરાંત, કેટલીક કંપનીઓમાં કામદારોના પગાર અને ઓવરટાઈમની ચુકવણીમાં ગેરરીતિ થતી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. તો ઔદ્યોગિક એકમોમાં મહિલા કામદારોને કથિત રીતે તેમની સંમતિ વિના નાઈટ શિફ્ટમાં કામ કરાવવામાં આવે છે અને માતૃત્વ લાભ તથા ક્રેચ જેવી કાયદેસરની સુવિધાઓથી વંચિત રાખવામાં આવે છે. કોંગ્રેસે ઔદ્યોગિક એકમો પર આદિવાસી ખેતીની જમીન અને ભૂગર્ભજળના સ્રોતોમાં કથિત રીતે જોખમી રાસાયણિક કચરો છોડવાનો આક્ષેપ કર્યો છે.


દમણગંગા ટાઇમ્સ

મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

સાયન્સ કોર્નર
દમણગંગા ટાઈમ્સ
Vapi Page 04
Friday 09, October 2026

વિજ્ઞાન, નવીનતા અને દેશપ્રેમના સંદેશ સાથે નવી પેઢીમાં જિજ્ઞાસા જગાવવાનો નવીનતમ પ્રયાસ

# વલસાડનો ઓવરબ્રિજ ખુલ્લી 'વિજ્ઞાન ગેલેરી' બન્યો






**હોમી ભાભાથી એ.પી.જે. અબ્દુલ કલામ સુધીના મહાન વૈજ્ઞાનિકોના ચિત્રોથી નવા ઓવરબ્રિજને નવી ઓળખ મળી: પ્રેરણારૂપ બનશે**

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

વલસાડની ઓળખ સમાન બનેલા નવા બનેલા ઓવરબ્રિજને તત્કાલિક કલેક્ટર ભવ્ય વર્માએ માત્ર વાહનવ્યવહારની સુવિધા પૂરતો સીમિત ન રાખી, તેને જ્ઞાન, વિજ્ઞાન અને રાષ્ટ્રગૌરવ સાથે જોડવાની પ્રેરણા આપી હતી. તેમના આ વિચારને વર્તમાન કલેક્ટર નીતિન સાંગવાને આગળ ધપાવી તેમના માર્ગદર્શન હેઠળ આર એન્ડ બી (સ્ટેટ)ના આ ઓવરબ્રિજના પિલરો પર દક્ષિણ ગુજરાત વીજ કંપની (બાંધકામ) દ્વારા સીએસઆર ફંડમાંથી ભારતના મહાન વૈજ્ઞાનિકોના ભવ્ય ભીંતચિત્રો દોરવામાં આવ્યા છે જે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. આ સાથે તેની બાજુની દિવાલો પર વિજ્ઞાન, નવીનતા, સંશોધન અને દેશપ્રેમને ઉજાગર કરતા ચિત્રો પણ જોવા મળી રહ્યા છે જેને કારણે દરેક વલસાડવાસીને પોતાનું વલસાડ શહેર સુંદર અને સોહામણુ લાગી રહ્યું છે.

ઓવરબ્રિજના પિલરો પર ભારતીય પરમાણુ પ્રોગ્રામના સ્થાપક ડૉ. હોમી ભાભા, ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, નોબેલ પુરસ્કાર મેળવનાર ભૌતિકશાસ્ત્રી સર સી. વી. રામન, ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા ડૉ. વિક્રમ સારાભાઈ, ભૌતિકશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર મેળવનાર સુબ્રહ્મણ્યમ ચંદ્રશેખર અને ભૌતિકશાસ્ત્રી અને વનસ્પતિશાસ્ત્રી જગદીશચંદ્ર બોઝ જેવા ભારતના મહાન વૈજ્ઞાનિકોના ચિત્રો રજૂ કરવામાં આવ્યા છે. આ મહાનુભાવોએ પોતાના જ્ઞાન, સંશોધન અને અવિરત મહેનતથી માત્ર ભારતનું નામ જ રોશન નથી કર્યું, પરંતુ સમગ્ર વિશ્વમાં ભારતની વૈજ્ઞાનિક ક્ષમતાની આગવી ઓળખ ઊભી કરી છે.

આ ભીંતચિત્રો રસ્તા પરથી પસાર થતા લોકો માટે માત્ર સુંદરતાનો અનુભવ કરાવવા માટે નથી, પરંતુ એક મૌન સંદેશ કુજે દેશના વૈજ્ઞાનિકોએ વિશ્વમાં ભારતનું નામ ગૌરવવંતુ કર્યું, તેમની ઓળખ અને યોગદાનને આપણે જાણીએ અને નવી પેઢી સુધી પહોંચાડીએ. આપવા માટે પણ છે.

ખાસ કરીને બાળકો અને યુવાનો માટે આ ઓવરબ્રિજ એક ખુલ્લી 'વિજ્ઞાન ગેલેરી' સમાન બની છે. રોજિંદા કાર્યો માટે પસાર થતી વખતે જ્યારે તેમની નજર આ મહાન વૈજ્ઞાનિકોના ચહેરા અને તેમની સાથે જોડાયેલા વૈજ્ઞાનિક વિચારો પર પડે, ત્યારે તેમના મનમાં જિજ્ઞાસા જન્મી શકે છે. આ વ્યક્તિ કોણ હતા? તેમણે ભારત માટે શું કર્યું? અને હું દેશ માટે શું કરી શકું?

ઓવરબ્રિજની બાજુની દિવાલો પર દર્શાવવામાં આવેલા વિજ્ઞાન અને નવીનતાના દ્રશ્યો આ વિચારને વધુ મજબૂત બનાવે છે. તેમાં રહેલો દેશપ્રેમનો ભાવ નવી પેઢીને સંશોધન, સર્જનાત્મકતા અને રાષ્ટ્રનિર્માણ તરફ પ્રેરિત કરી શકે છે.

વિકાસ માત્ર રસ્તા, પુલ અને ઈમારતોના નિર્માણથી થતો નથી, પરંતુ વિકાસ ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તેની સાથે સમાજમાં જ્ઞાન અને જાગૃતિનો પણ વિકાસ થાય. વલસાડનો આ ઓવરબ્રિજ એ દિશામાં એક સુંદર અને પ્રશંસનીય પહેલ બની રહ્યો છે.

આજે અહીંથી પસાર થતો દરેક નાગરિક કદાચ થોડી ક્ષણ માટે આ મહાન વૈજ્ઞાનિકોને જોશે, પરંતુ જો એ નજરમાંથી એક બાળકને પ્રેરણા મળે, કોઈ યુવાનમાં વિજ્ઞાન પ્રત્યે રસ જાગે કે કોઈ વ્યક્તિને ભારતના વૈજ્ઞાનિક વારસાની જાણકારી મળે તો આ ઓવરબ્રિજનું સૌંદર્ય તેના હેતુને સાચા અર્થમાં સાર્થક કરશે.

આ માત્ર ઓવરબ્રિજ નથી; આ ભારતના વૈજ્ઞાનિક ગૌરવ, નવીનતા અને રાષ્ટ્રપ્રેમની જીવંત પાઠશાળા છે.

# ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં NCSC જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજાઇ

**માહિતીની વિશ્વસનીયતા ચકાસવા કૃત્રિમ બુદ્ધિ (AI)ના યોગ્ય સંદર્ભોનો ઉપયોગ કરવા માર્ગદર્શન અપાયું**





**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

વલસાડ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર ખાતે નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ (NCSC) - જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંયુક્ત આયોજન ડિસ્ટ્રિક્ટ કમ્યુનિટી સાયન્સ સેન્ટર, નવસારી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCoST), ગાંધીનગર અને જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર દ્વારા કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૬ માટેની NCSCની મુખ્ય થીમ "Science and Innovation for Sustainability" અંતર્ગત વલસાડ જિલ્લાના વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. ભીલાડની સરકારી વિજ્ઞાન કોલેજના ડૉ. ફાલ્ગુની કે. શેઠ દ્વારા વિદ્યાર્થીઓને માહિતી અને ડેટા એકત્રિત કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિ તથા યોગ્ય સેમ્પલ સાઈઝ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વલસાડની સરકારી ઈજનેરી કોલેજના ડૉ. ભદ્રેશ આર. સુદાણીએ માહિતીની વિશ્વસનીયતા ચકાસવા, યોગ્ય સંદર્ભોનો ઉપયોગ કરવા તથા કૃત્રિમ બુદ્ધિ (AI) આધારિત સાધનોમાંથી પ્રાપ્ત માહિતીના મૂળ સ્રોત અને વિશ્વસનીય સંદર્ભો દર્શાવવા અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. પ્રજ્ઞેશ ડી. રાઠોડ, જિલ્લા વિજ્ઞાન અધિકારી, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર દ્વારા આગામી વર્ષની NCSC માટેની વિષયવસ્તુ અંગે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. સ્પર્ધામાં માર્ગદર્શન અને મૂલ્યાંકન માટે ગૌરવ સુનિલભાઈ કે. તથા હિરેન ડી. પટેલ, B.R.S. કોલેજ, બિલપુડી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (VVM) ૨૦૨૬-૨૭ અંગે પણ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને માહિતી આપવામાં આવી હતી.

તથા વન્યજીવ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે જિજ્ઞેશ હળપતિ અને અભિજિત નિકોસે દ્વારા દિગ્દર્શિત વન્યજીવ ગીધ આધારિત 'જટાયુ' ફિલ્મનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ૩ડ શો નિહાળવાની તક આપવામાં આવી હતી તેમજ આધુનિક ટેલિસ્કોપની મદદથી સૂર્યના કલંકો (Sunspots) નું અવલોકન કરાવવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓને વન્યજીવન, અવકાશ વિજ્ઞાન અને ખગોળીય ઘટનાઓ અંગે જ્ઞાનવર્ધક તથા રસપ્રદ અનુભવ પ્રાપ્ત થયો હતો.

જિલ્લા કક્ષાની NCSC સ્પર્ધામાં વલસાડ જિલ્લાના વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન મિહિર પટેલ, CSC Coordinator, GUJCoST, નવસારીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. NCSC સહિત બંને જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં વલસાડ જિલ્લાના કુલ ૨૩ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને વિદ્યાર્થીઓ, શિક્ષકો, મહેમાનો તથા અન્ય ઉપસ્થિત વ્યક્તિઓ સહિત આશરે ૧૩૦ પ્રતિભાગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભીનારના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં પીપલખેડ, વાંસદા અને પાટીની શાળાઓ ઝળકી

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**



જી સી ઈ આર ટી ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન નવસારી ના સંયુક્ત ઉપક્રમે સરદાર વલ્લભભાઈ પટેલ શાળા વિકાસ સંકુલ ત્રણ નો બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૬ નું આયોજન વાંસદા તાલુકાની શ્રી સદગુરુ હાઈસ્કૂલ ભીનાર ખાતે કરવામાં આવેલ હતું. જેમાં SVS 3 તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા કુલ ૬૨ કૃતિ પ્રદર્શનમાં રજૂ કરવામાં આવેલ હતી આ વિજ્ઞાન પ્રદર્શનમાં પીપલખેડ હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓ વિભાગ પાંચ આપત્તિ વ્યવસ્થાપન માં ફલડ એલર્ટ સિસ્ટમ કૃતિને પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો છે. જે બાળ વૈજ્ઞાનિક માહલા હેની દીપક અને કૃતિકા હસવંત ગામીત દ્વારા રજુ કરેલ હતી વિભાગ ૩ દ્વિતીય ક્રમે સ્માર્ટ આત્મ નિર્ભર ગામ જે અવની અશ્વિન અને હેતવી હિતેશ બાળ વૈજ્ઞાનિકો દ્વારા રજુ કરવામાં આવેલ હતી વિભાગ ચારમાં દ્વિતીય ક્રમે આવેલ કૃતિ આરોગ્ય સેતુ ભારત જે કૃપા કિશોર ગાઈન અને અનિષા અનિલ ગવળીએ રજુ કરી હતી. જયારે આ પ્રદર્શનમાં શ્રી વાંસદા તાલુકા કેળવણી મંડળ, વાંસદા સંચાલિત શ્રી પ્રતાપ હાઈસ્કૂલ, વાંસદાના વિદ્યાર્થીઓએ વિભાગ-૧ 'બહેતર જીવન માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' અંતર્ગત 'એ.આઈ. પર આધારિત આધુનિક ખેતી કરવું તથા વિભાગ-૨ 'હરિત ઊર્જા અને પર્યાવરણ' અંતર્ગત 'વેસ્ટ મેનેજમેન્ટ' કૃતિઓ જિલ્લા કક્ષા માટે પસંદગી પામ્યા હતાં. તો ગીતા મંદિર માધ્યમિક શાળા પાટી તા. ખેરગામની શાળાના બાળ વૈજ્ઞાનિકોએ વિભાગનં-૪ સ્વદેશી કૃષિ પદ્ધતિઓ વિભાગમાં ભાગ લઈ જીવંત કૃતિ તૈયાર કરી હતી. જે વિભાગમાં શાળાની કૃતિએ સમગ્ર સંકૂલ-૩ માં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો આમ શાળા વિકાસ સંકુલ-૩માં સતત ત્રીજા વર્ષે જિલ્લાકક્ષાએ ભાગ લેવા માટે પસંદગી થઈ હતી. આ કૃતિ બાળ વૈજ્ઞાનિક નવ્યા નરેન્દ્રભાઈ પટેલ, વીરાંગી એસ.પટેલ અને પાયલ હરેશભાઈ સાપટાએ રજુ કરી હતી.

# આહવામાં 'નેશનલ રૂરલ આઈ. ટી. ક્વિઝ' યોજાઇ




**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

કર્ણાટક સરકારના IT, BT અને સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ તેમજ ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા માહિતી અને ટેકનોલોજી વિષય આધારિત ધોરણ ૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે સંકલ્પિત નેશનલ રૂરલ આઈ. ટી. ક્વિઝ-૨૦૨૬ નું આયોજન ગુજરાત રાજ્યના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ અંતર્ગત આવેલ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી(ગુજકોસ્ટ), ગાંધીનગર ની કચેરી દ્વારા દરેક જિલ્લામાં જિલ્લા લોક વિજ્ઞાન કેંદ્રો થકી જિલ્લા કક્ષાની નેશનલ રુરલ આઈ. ટી. ક્વિઝ નું આયોજન તા. ૭/૧૦/૨૦૨૬ બુધવારના રોજ સવારે ૧૦:૩૦ ક્લાકે થી પ્રયોશા જીલ્લા લોક વિજ્ઞાન કેંદ્ર-ડાંગ, આહવા ખાતે કરવામાં આવેલ હતું. ઉપરોક્ત કાર્યક્રમમાં ૧૩ જેટલી શાળાઓએ સહભાગ દર્જ કર્યો હતો. કાર્યક્રમ આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન ખેલાડી ગિરધરભાઈ નેરકર ની અધ્યક્ષતામાં ઉપસ્થિત મહેમાનોના હસ્તે દિપપ્રાગટ્ય કરાવી ક્વિઝ શરુ કરાઈ હતી. જેમાં રાજ્ય કક્ષાની સ્પર્ધામાટે ૧૫ વિધ્યાર્થીઓની પસંદગી કરવામા આવી હતી. જેઓ તા. ૧૩/૧૦/૨૦૨૬ ના રોજ ગાંધીનગર ખાતે ડાંગ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

કાર્યક્રમમાં પ્રયોશા પ્રતિષ્ઠાન, ડાંગના પ. પૂ. પી. પી. સ્વામિજીએ ખાસ ઉપસ્થિતી દર્જ કરી સહભાગી વિધ્યાર્થીઓને આશિર્વચન આપી પ્રોત્સાહિત કર્યા હતાં. અંતે ઉપસ્થિત મહેમાનોના દ્વારા વિધ્યાર્થીઓને સહભાગી પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન સાયન્સ કોમ્યુનિકેટર સાગર વ્યવહારે દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે કો-ઓર્ડીનેટર રતિલાલ સૂર્યવંશી દ્વારા સહભાગી વિદ્યાર્થી, શિક્ષકો અને શાળાઓના આચાર્યોનું આભાર માની કાર્યક્રમ પુરો થવાની જાહેરાત કરવામાં હતી.

## આહવામાં સાયન્સ કોન્ગ્રેસ યોજાઈ

પ્રયોશા પ્રતિષ્ઠાન સંચાલિત પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ડાંગ-આહવા દ્વારા રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ ૨૦૨૬ નું આયોજન આહવા ખાતે મુખ્ય થીમ ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન અને નવાચાર આધારીત કરવામાં આવ્યું હતું. જેમાં બાળ વૈજ્ઞાનિકોના પ્રકલ્પો રજુ કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમમાં જુનિયર અને સિનિયર વયજૂથના ૫-૫ પ્રકલ્પો રાજ્ય કક્ષાની સ્પર્ધામાટે પસંદ કરવામાં આવ્યા હતાં. જેઓ ભવિષ્યમાં રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર ખાતે ડાંગ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવા જશે. સ્પર્ધાના સહભાગી વિદ્યાર્થીઓને સહભાગી પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

# જૂનાગઢમાં ગ્રામીણ આઈ.ટી. ક્વિઝ યોજાઈ



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

જુનાગઢમાં જિલ્લા કક્ષાની ગ્રામીણ આઈ.ટી.ક્વિઝ (Rural IT Quiz)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના વિવિધ શાળાઓમાંથી આશરે ૧૩૦ વિદ્યાર્થીઓ અને ૩૦ જેટલા શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ આઈ.ટી અને ટેક્નોલોજી સંબંધિત પ્રશ્નોત્તરીમાં ભાગ લઈ પોતાની જ્ઞાનક્ષમતા અને પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું.

સ્પર્ધાના પરિણામના આધારે રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે કુલ ૧૨ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. પસંદ થયેલા વિદ્યાર્થીઓ હવે રાજ્ય કક્ષાએ જૂનાગઢ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. કાર્યક્રમના અંતે તમામ સહભાગી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પૂજ્ય મુક્તાનંદજી બાપુ તથા શિક્ષણવિદ્ ગિજુભાઈ ભરાડે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંચાલક પ્રતાપસિંહ ઓરા, શ્રદ્ધાબેન કચોટ અને રીનાબેન મકવાણા સહિત કેન્દ્રની ટીમે નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

# ગીરમાં ડિસેમ્બરમાં સ્ટાર પાર્ટી

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**




રાજકોટની બિગબેંગ એસ્ટ્રોનોમી કલબ દ્વારા આગામી ડિસેમ્બરની તા. ૧૧, ૧૨ અને ૧૩ના રોજ ગીરમાં સ્ટાર પાર્ટીનું આયોજન કરાયું છે. આ સ્ટાર પાર્ટી જેમીનિડીસ ઉલ્કા વર્ષા સ્પેશિયલ તરીકે યોજાશે. આ ત્રણ દિવસની સ્ટાર પાર્ટીમાં આકાશ દર્શન, એસ્ટ્રોફોટોગ્રાફી, સોલર સિસ્ટમ વોક, વિશાળ ટેલિસ્કોપથી અને નરી આંખે જોઈ શકાતાં આકાશીય પદાર્થોનું અવલોકન અને એ સંબંધી કથાઓ વગેરેને આવરી લેવામાં આવશે. આ સ્ટાર પાર્ટીની ફી પ્રતિ વ્યકિત રૂા. ૨૯૦૦/- છે. આ સ્ટાર પાર્ટીમાં ભાગ લેવા માટે રાજકોટ લોક વિજ્ઞાન કેન્દ્રનો અથવા વોટસએપ પર નં. ૯૪૨૬૪૭૩૩૯૪ નો સંપર્ક કરી શકાય છે.

# ધ્રોલની રૂરલ આઈ.ટી. ક્વિઝમાં ૧૨ વિદ્યાર્થીઓની રાજ્ય કક્ષા માટે પસંદગી



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) - ગાંધીનગર પ્રેરિત અને શ્રી એમ. ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ - ધ્રોલ સંચાલિત શ્રી એમ. ડી. મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તાજેતરમાં 'જિલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી. ક્વિઝ - ૨૦૨૬' (District Level Rural IT Quiz-26) નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાની વિવિધ શાળાઓમાંથી ધોરણ ૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાના અંતે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ટોપ-૧૨ વિદ્યાર્થીઓની રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકો તેમજ માર્ગદર્શક (એસ્કોર્ટ) શિક્ષકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જ્યારે પસંદગી પામેલા શ્રેષ્ઠ ૧૨ વિદ્યાર્થીઓને સંસ્થાની મેનેજિંગ કમિટીના સેક્રેટરી સુધાબેન ખંઢેરીયાના હસ્તે પારિતોષિક અને પ્રમાણપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા તેમજ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વિજ્ઞાન કેન્દ્રના ડૉ. સંજય પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

# આજથી રાજયના તમામ અભયારણ્ય અને નેશનલ પાર્ક ખુલશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

વન અને પર્યાવરણ વિભાગ ગાંધીનગર દ્વારા નવરાત્રી,દિવાળી જેવા તહેવારોને ધ્યાનમાં રાખીને દેશ-વિદેશના પ્રવાસીઓ- સહેલાણીઓ માટે ગુજરાતના તમામ અભયારણ્ય અને નેશનલ પાર્ક આગામી તા. ૯ ઓક્ટોબર ૨૦૨૬થી સહેલાણીઓ માટે ખુલ્લા મુકવામાં આવશે. વન વિભાગની માર્ગદર્શિકા મુજબ વન્ય પ્રાણીઓને ખલેલ ના પહોંચે તે પ્રકારે પ્રવાસીઓને પ્રવેશ આપવામાં આવશે તેમ, વન વિભાગ દ્વારા જણાવ્યું છે.

વધુમાં જણાવ્યું છે કે,હાલમાં રાજ્યમાં વરસાદની સિઝન પૂર્ણ થતાં તેમજ અભયારણ્ય- નેશનલ પાર્કમાં રોડ- રસ્તાની અનૂકુળતા બનતા પ્રવાસીઓ સહેલાઈથી પ્રવાસ કરી શકશે. આ નિર્ણયથી આ વિસ્તારમાં નાના -મોટા રોજગાર સાથે જોડાયેલા સ્થાનિકોને રોજગારી પણ મળી રહેશે.

અત્રે નોંધનીય છે કે, ગુજરાત સિવાય દેશના વિવિધ પ્રતિષ્ઠિત રણથંભોર ટાઈગર રિઝર્વ-રાજસ્થાન,સતપુરા ટાઈગર રિઝર્વ-મધ્યપ્રદેશ,બંદિપુર ટાઈગર અને નાગરહોલ ટાઈગર રિઝર્વ- કર્ણાટક, સરિસ્કા ટાઈગર રિઝર્વ-રાજસ્થાન,પેન્ચ ટાઈગર રિઝર્વ અને તડોબા- અંધારી ટાઈગર રિઝર્વ-મહારાષ્ટ્ર સહિત ૯ જેટલા અભયારણ્ય- નેશનલ પાર્ક ગત તા. ૦૧ ઓક્ટોબર ૨૦૨૬થી પ્રવાસીઓ માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે.

# ગાંધીનગરમાં રૂરલ આઈટી કવીઝ યોજાઈ

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**




નેશનલ રૂરલ આઈ.ટી.ક્વીઝ-૨૦૨૬ અંતર્ગત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની રૂરલ આઈ.ટી.ક્વીઝ યોજાઈ હતી.

ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS) તથા કર્ણાટક સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સહયોગથી દર વર્ષે સમગ્ર દેશમાં રુરલ આઈ.ટી. ક્વિઝ નું આયોજન કરવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લામાં યોજાયેલી આ ક્વિઝમાં જિલ્લાના ૨૯ શાળાઓના કુલ ૧૦૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ક્વિઝમાંથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ટોચના ૧૨ વિદ્યાર્થીઓની આગામી સમયમાં યોજાનારી રાજ્ય કક્ષાની નેશનલ રુરલ આઈ.ટી. ક્વિઝ-૨૦૨૬ મા ભાગ લેશે . વિજેતા થનાર અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરી તેમની ભાગીદારીને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

# જોથાણમાં અંધશ્રદ્ધા નિર્મૂલન કાર્યક્રમ યોજાયો

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**



જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર સુરતના સંયુક્ત ઉપક્રમે જોથાણની કેવી માંગુકિયા વિદ્યાલયમાં અંધશ્રદ્ધા નિર્મૂલન અંગે જાગૃતતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સત્યશોધક સભા સાથે વર્ષોથી જોડાયેલા અને અત્યારસુધી હજારો કાર્યક્રમો યોજેલ છે.

એવા શ્રી સિદ્ધાર્થભાઈ દેગામી ઉપસ્થિત રહ્યા હતા, તેઓએ બાળકોને, લોકો કઈ રીતે છેતરપિંડી ભોગ બને છે? તે વિષે વિજ્ઞાનના વિવિધ પ્રયોગો અને હાથ ચાલાકી તરકીબો બતાવી તેના ખુલાસા કર્યા હતા.

આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય પદ્માબેન પટેલ(GM), દિનેશભાઈ ચૌધરી, (EM), જી.એન. કાકડિયા(લોક વિજ્ઞાન કેન્દ્ર), શિક્ષકગણ અને મોટી સંખ્યામાં, અંદાજે ૬૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સહભાગી થયા હતાં.

# ઉમરગામ તાલુકા વિશેષ

Friday 09, October 2026

- ઉમરગામ
- સંજાણ
- ભીલાડ
- સરીગામ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પ્લેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૭૨૪૦૭૦૫૭૧/૯૮૯૮૮૩૯૨૬૯

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in


## તુંબ પંચાયતમાં ગેરરીતિનો રાફડો

### તુંબ પંચાયત હદમાં ધીમસા કાંકરીયામાં નિર્માણ થયેલી બિલ્ડીંગ સહિત કંપનીના એકમો તેમજ કોમર્શિયલ બાંધકામોમાં પંચાયતના રહેમરાહ હેઠળ કરવામાં આવેલા નિયમાનું ઉલ્લંઘન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૮ :** ઉમરગામ તાલુકાના તુંબ-ધીમસા કાંકરીયા ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા અનમોલનગર ખાતે 'ધનંજય બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ દ્વારા કરવામાં આવેલા બિલ્ડીંગ બાંધકામ સામે નિયમોના ધજાગરા ઉડ્યા હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. આ બાંધકામ માત્ર હિમાલયની ટોચ સમાન છે. ખરેખર તુંબ ધીમસા કાંકરીયા ગ્રુપ ગ્રામ પંચાયતમા છેલ્લા દસ વર્ષમાં આ પ્રકારે જ નીતિનિયમના ઉલ્લંઘન કરી મોટાભાગના બાંધકામો નિર્માણ થયેલા છે. જેનો લાભ લઈ હાલમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ પ્રોટેક્શન આપવાની શરતે કંપનીઓનું નાક દબાવી રહ્યા હોવાની ચર્ચા પણ સામે આવી રહી છે. હાલમાં જે ઘટના સામે આવી છે એના દસ્તાવેજોની ચકાસણી કરતા સ્પષ્ટ થાય છે કે પંચાયત પાસેથી મેળવેલી પ્રાથમિક મંજૂરી અને સ્થળ પર થયેલા બાંધકામ વચ્ચે મોટી વિસંગતતા રહેલી છે. પંચાયત દ્વારા તારીખ ૫-૬-૨૦૧૪ના રોજ કરવામાં આવેલા ઠરાવ (નંબર-૫) અનુસાર, ધનંજય બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સના પ્રોપાઈટર દ્વારા સર્વે નં-૯૬/૨ પૈકીની જમીન પર માત્ર કમ્પાઉન્ડ વોલ તેમજ રહેણાંક ઘર બનાવવા માટે ના-વાંધા પ્રમાણપત્ર માંગવામાં આવ્યું હતું. પંચાયતે સરકારના નિયમો તથા બિનખેતીની શરતોને આધીન રહીને માત્ર આ મંજૂરી આપી હતી. પરંતુ, મળતી માહિતી મુજબ સ્થળ પર રહેણાંક ઘર કે કમ્પાઉન્ડ વોલને બદલે આખી બિલ્ડીંગ ઊભી કરી દેવામાં આવી છે, જે નિયમોનું સીધું અને ગંભીર ઉલ્લંઘન દર્શાવે છે. આ સમગ્ર ઘટના ઉજાગર થતા પંચાયતના પગ નીચે રહેલો આવ્યો છે જેથી ગ્રામ પંચાયત દ્વારા બિલ્ડરને ૭ દિવસની અલ્ટીમેટમ નોટિસ પાઠવી છે. અને નોટિસમાં જણાવ્યા મુજબ જો પંચાયત કક્ષાની બાંધકામ પરવાનગી, ૮-અ, ૭/૧૨ની નકલ અને બિનખેતી હુકમ,નગર નિયોજકનો હુકમ, પૂર્ણતા પ્રમાણપત્ર, બિલ્ડીંગ યુઝ સર્ટિફિકેટ, ઓક્યુપેન્સી સર્ટિફિકેટ, સ્ટ્રક્ચર સ્ટેબિલિટી સર્ટિફિકેટ, બિલ્ડીંગ રેલવે ટ્રેક/રેલવે ફાટક નજીક આવેલી હોવાથી રેલવે વિભાગ પાસેથી મેળવેલ મંજૂરી, માર્ગ અને મકાન વિભાગ, ફાયર વિભાગ, પર્યાવરણ વિભાગ કે અન્ય સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલ એનઓસી સહિતના પ્રમાણપત્રોની માંગણી કરી છે. હવે પંચાયતના તલાટી કમ મંત્રીએ પાઠવેલી નોટિસ મુજબ જો નિયત સમય મર્યાદામાં બિલ્ડર દ્વારા યોગ્ય કાયદાકીય કાગળો રજૂ કરવામાં નહીં આવે, તો આ ગેરકાયદેસર બાંધકામ સામે ગ્રામ પંચાયત કે તંત્ર દ્વારા કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ તેના પર સૌની નજર ટકેલી છે.

## ઉમરગામ યુઆઈએના બીચ સફાઈ અભિયાનને ઉદ્યોગોનો સહયોગ મળ્યો





### DOMS, અપાર સહિત ૫ કંપનીઓની ટીમો નિયમિત જોડાય છે, SDMએ કામગીરીને બિરદાવી : વિવિધ ગ્રામ પંચાયતોમાં પણ સફાઈ અભિયાન અંતર્ગત સફાઈ હાથ ધરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૮ :** ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (UIA) દ્વારા ઉમરગામના દરિયાકિનારાની સ્વચ્છતા જાળવવા માટે નિયમિત બીચ સફાઈ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાનમાં **DOMS Industries Ltd., Apar Industries Ltd., Chandan Steel Ltd., Hindustan Pencils Ltd. અને Everest Food Products Pvt. Ltd.**ની ટીમો નિયમિતપણે જોડાઈને સહયોગ આપી રહી છે.

ઉદ્યોગોના કર્મચારીઓ સામાજિક જવાબદારી અને પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ સાથે બીચ સફાઈ કામગીરીમાં સક્રિય ભાગ લઈ રહ્યા છે. UIA દ્વારા તમામ સહયોગી કંપનીઓના ટીમ સભ્યોના સતત સહયોગ, ટીમવર્ક અને સમર્પણ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ દરમિયાન હિન્દુસ્તાન પેન્સિલ્સ લિમિટેડના ધર્મેન્દ્ર સિંહના યોગદાનની SDM દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી. તેમની કામગીરી સમગ્ર ટીમ માટે પ્રેરણારૂપ અને ગૌરવની બાબત હોવાનું જણાવાયું હતું.

UIAના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે દરિયાકિનારાની સ્વચ્છતા જાળવવા માટે ઉદ્યોગો, સંસ્થાઓ અને સ્થાનિક નાગરિકોના સહિયારા પ્રયાસો જરૂરી છે.

સ્વચ્છ ઉમરગામ માટે ભવિષ્યમાં પણ બીચ સફાઈ અભિયાન સતત ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ઉમરગામ તાલુકાના દહાડ અને સોળસુબા ખાતે સેવા સંકલ્પ અભિયાન યોજના અંતર્ગત પંચાયતના હોદ્દેદારો અધિકારીઓ અને જાગૃત ગ્રામજનોએ સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ કામગીરી કરી હતી.

## ભીલાડ પોલીસ સ્ટેશને નવરાત્રી પર્વ અંગે શાંતિ સમિતિની બેઠક મળી

### આયોજકોને સીસીટીવી, સુરક્ષા વ્યવસ્થા અને અગ્નિશામક સાધનો અંગે ખાસ તકેદારી રાખવા પોલીસની સૂચના



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૮ :** આગામી નવરાત્રી તથા દુર્ગાપૂજા મહોત્સવને શાંતિપૂર્ણ અને સુરક્ષિત માહોલમાં યોજવા ભીલાડ પોલીસ સ્ટેશન ખાતે પોલીસની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી.

ભીલાડ પોલીસ સ્ટેશનના PI જી.આર. ગઢવીની અધ્યક્ષતામાં અને LIB ઈન્ચાર્જ હિમાંશુભાઈ નિલેશભાઈના આયોજન હેઠળ યોજાયેલી બેઠકમાં ભીલાડ પોલીસ સ્ટેશન હદ હેઠળ આવતા વિવિધ ગામોના સરપંચો તથા નવરાત્રી અને દુર્ગાપૂજાના આયોજકો સાથે તહેવાર દરમિયાનની વ્યવસ્થાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં તમામ આયોજકોને નવરાત્રી દરમિયાન CCTV કેમેરા, સુરક્ષા વ્યવસ્થા, અગ્નિશામક યંત્રો સહિતની જરૂરી સલામતી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા ખાસ સૂચના આપવામાં આવી હતી. તેમજ કોઈ વ્યક્તિની શંકાસ્પદ હિલચાલ જણાય અથવા કોઈપણ પ્રકારની સમસ્યા ઊભી થાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા જણાવાયું હતું.

બેઠકમાં વિશ્વ હિન્દુ પરિષદ વિભાગ વિશેષ સંપર્ક પ્રમુખ પિયુષભાઈ શાહ, જિલ્લા ઉપાધ્યક્ષ અંકિતભાઈ શાહ, અંકલાસ સરપંચ રવુભાઈ, ભીલાડ પંચાયતના મુખ્ય સભ્ય કપિલભાઈ, નંદીગામ સરપંચ સંતોષભાઈ, જયંતીભાઈ, ઝરોલી-નગવાસ, વલવાડા સરપંચ રાજેશભાઈ નાવી, ગૌતમભાઈ, હિરેન્દ્રભાઈ, સન્નીભાઈ, અક્ષયભાઈ સહિત સર્વોદય મિત્ર મંડળ અને સ્પોર્ટ્સ ક્લબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.આયોજકોએ પોલીસ પ્રશાસન દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરી નવરાત્રી મહોત્સવને આનંદ, ઉલ્લાસ અને શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવવાની ખાતરી આપી હતી.

## દહાડ ગ્રામ પંચાયતમાં નળ કનેક્શનની નોંધ સામે સવાલો

**ઓનલાઈન પોર્ટલ પર આહીર સમાજના રહેવાસીઓ દર્શાવાયા, હકીકતમાં એક પણ ઘર ન હોવાનો દાવો; વિકાસ કામો અને ખર્ચની તપાસની માંગ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૮ :** ઉમરગામ તાલુકાની દહાડ ગ્રામ પંચાયતને લઈને નળ કનેક્શનની ઓનલાઈન નોંધ અંગે સવાલો ઉઠ્યા છે. 'મેરી પંચાયત' ઓનલાઈન પોર્ટલ પર આહીર સમાજના રહેવાસીઓના નામે નળ કનેક્શન દર્શાવવામાં આવ્યા હોવાનો આક્ષેપ થયો છે. જોકે પ્રાથમિક તપાસમાં દહાડ ગ્રામ પંચાયત વિસ્તારમાં આહીર સમાજનું એક પણ ઘર ન હોવાનું જણાઈ રહ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

આ બાબતે વાસ્તવિક હકીકત શું છે અને ઓનલાઈન પોર્ટલ પર આ પ્રકારની નોંધ કેવી રીતે થઈ તે અંગે તપાસ કરવાની માંગ ઉઠી છે. સાથે જ ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલા વિવિધ વિકાસ કામો, તેની ગુણવત્તા તેમજ ખર્ચ અંગે પણ સ્થાનિકોમાં નારાજગી જોવા મળી રહી છે.

પંચાયતના વિકાસ કામો અને ખર્ચની સમગ્ર વિગતોની જિલ્લા કક્ષાએ તપાસ કરાવવા તેમજ મુખ્યમંત્રી સમક્ષ ઓનલાઈન ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરાઈ હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર મામલે તટસ્થ તપાસ બાદ હકીકત બહાર આવે તેવી માંગ ઉઠી છે.

## ઉમરગામના કાલય હળપતિવાસમાં આંગણ મિલન સેવા કાર્યક્રમ યોજાયો

**જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતની હાજરીમાં લાભાર્થીઓને THR, MMY કીટ અને સુખડીનું વિતરણ**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૮ :** ઉમરગામ તાલુકાના કાલય હળપતિવાસ ખાતે આવેલા આંગણવાડી કેન્દ્રમાં આંગણ મિલન સેવા કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં વહીવટી તંત્ર અને ગ્રામ પંચાયતના સહયોગથી વિવિધ સરકારી યોજનાઓના લાભો લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન આંગણવાડીના લાભાર્થીઓને ટેક હોમ રાશન (THR) તથા મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના (MMY)ની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોના પોષણ અને સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા સ્વસ્થ બાળકોને સુખડી અને ફ્રૂટ બાસ્કેટ પણ આપવામાં આવ્યા હતા. આંગણવાડીમાં સારી કામગીરી કરનાર આંગણવાડી કાર્યકર, તેડાગર બહેન અને આશા વર્કર બહેનોનું સન્માન કરી તેમને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન એક કિશોરી દ્વારા મુખ્યમંત્રીનો શુભેચ્છા સંદેશ પણ વાંચી સંભળાવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયતના સભ્ય, બાળ વિકાસ યોજના અધિકારી, ગ્રામ પંચાયતના સરપંચ તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં ગ્રામજનો અને લાભાર્થીઓએ પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

કાર્યક્રમનો મુખ્ય હેતુ છેવાડાના લોકો સુધી પોષણ, આરોગ્ય અને સરકારી યોજનાઓ અંગેની જાગૃતિ તથા લાભ પહોંચાડવાનો રહ્યો હતો.

## નારગોલમાં રંગોળી સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૮ :** ઉમરગામ તાલુકાના નારગોલ ખાતે સેવા સપ્તાહ અંતર્ગત સેવા સંકલ્પ અભિયાન હેઠળ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ વિષયોને આધારે આકર્ષક રંગોળીઓ તૈયાર કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા 'વિકસિત ભારત', 'મિશન મંગલ' સહિતના વિવિધ સામાજિક અને રાષ્ટ્રીય વિષયો પર આધારિત રંગોળીઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન નારગોલ સરપંચ સ્વીટીબેન ભંડારી તથા જિલ્લા ભાજપના હોદ્દેદાર મનીષાબેન સહિત ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓની કૃતિઓ નિહાળી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. સ્પર્ધામાં શ્રેષ્ઠ કૃતિઓ રજૂ કરનાર વિજેતા વિદ્યાર્થીઓને ગ્રામ પંચાયત નારગોલના સરપંચ સ્વીટીબેન ભંડારીના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## ઝરોલીમાં શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૮ :** ઉમરગામ તાલુકાના ઝરોલી ગામમાં આવેલી ઝવેરબેન હિરજી શાહ સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. ધરમપુરની શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રામ સેના, ગુજરાત નિદાન કેમ્પ યોજાયો હતો. ધરમપુરની શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રામ સેના, ગુજરાત રાજ્યે મળીને આ કેમ્પનું આયોજન કર્યું હતું. મોટી સંખ્યામાં ગ્રામજનો અને આસપાસના લોકોએ પોતાની આરોગ્ય તપાસ કરાવી. આ કેમ્પમાં ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ અને ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર હાજર રહ્યા હતા. શ્રીરામ સેનાના રાષ્ટ્રીય સચિવ મયુર વખારિયા સહિતના આગેવાનો અને કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા.આરોગ્ય કેમ્પ દરમિયાન અલગ અલગ પ્રકારની તપાસ અને નિદાન સેવાઓ અપાઈ હતી. જરૂરિયાતમંદ લોકોને ડોક્ટરી સલાહ પણ મળી. કુલ ૪૦૦ જેટલા લોકોએ આ કેમ્પનો લાભલીધો.

આવા આરોગ્ય કેમ્પથી ગામડાના લોકોને ઘર નજીક જ આરોગ્ય તપાસ અને નિષ્ણાત ડોક્ટરોની સલાહ મળે છે.

## એકલારા આંગણવાડીમાં બાળકોને ફળ અને કલર બોક્સનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૮ :** ઉમરગામ તાલુકાના એકલારા ગામની આંગણવાડી ખાતે બાળકો માટે ફળ તથા કલર બોક્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોમાં પોષણ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ પ્રત્યે રસ વધે તે હેતુથી આ સેવાકીય પહેલ કરવામાં આવી હતી.

એકલારા ગ્રામ પંચાયતના સભ્ય તથા ઉમરગામ તાલુકા મહિલા મોરચાના ઉપપ્રમુખ અને માહ્યાવંશી વિકાસ મંચના રાષ્ટ્રીય પ્રમુખ કલ્પનાબેન મિસ્ત્રીએ આંગણવાડીના બાળકોને ફળ તથા કલર બોક્સનું વિતરણ કર્યું હતું.આંગણવાડીમાં વર્કર તરીકે ઉર્મિલાબેન એમ. પટેલ અને હેલ્પર તરીકે અમિતાબેન વાય. પટેલ સેવા આપી રહ્યા છે. કાર્યક્રમ દરમિયાન બાળકો સાથે સંવાદ કરી તેમને અભ્યાસ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સેવાકીય પ્રવૃત્તિથી આંગણવાડીના બાળકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

## કલગામમાં પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન અપાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૮ :** ઉમરગામ તાલુકાના કલગામ ગામે સખી મંડળની બહેનો માટે પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. 'સેવા મેરા યોગદાન' અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતીનું મહત્વ, વિવિધ પદ્ધતિઓ તથા તેના ફાયદાઓ અંગે બહેનોને માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે ભાજપ જિલ્લા ઉપપ્રમુખ મયુરીબેન બારીયા દ્વારા સખી મંડળની બહેનોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ફણસા કોળી પટેલ સમાજ હોલ ખાતે યોગા અને ધ્યાન સત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન સ્વસ્થ જીવનશૈલી અને પ્રાકૃતિક ખેતીના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. પ્રાકૃતિક ખેતી અપનાવીએ – સ્વસ્થ સમાજ અને સમૃદ્ધ ખેડૂતનું નિર્માણ કરીએંના સંદેશ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

## ફણસામાં શ્રીમદ્ ભાગવત કથા યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૮ :** ફણસા, કલગામ, મરોલી તથા આજુબાજુના ગામોના પિતૃઓના મોક્ષાર્થે મહિલા મંડળ દ્વારા શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૪ ઓક્ટોબરથી ૧૦ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન દરરોજ બપોરે ૩થી ૬ વાગ્યા સુધી શ્રોતા ભક્તો કથા શ્રવણનો લાભ લઈ શકશે. કથાના કથાકાર પૂજ્ય સાધુ દિવ્યા દીદી રહેશે. પોથી યાત્રા દીપિકાબેન એસ. પટેલ, મીઠા ફળિયા દ્વારા કરવામાં આવશે.પાવન પ્રસંગે કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ તરીકે પૂજ્ય ભદ્રેશલાલજી, મુખ્યપીઠ ધામ મકડીમાતા મંદિર, દમણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રથમ દિવસે વાજતે ગાજતે પોતીયાત્રા નીકળી કથા સ્થળે આવી પહોંચી હતી.કથાના રોજના અન્નપ્રસાદના દાતા તરીકે કાળુભાઈ બી. આહીર, દ્વારકાધીશ પાર્ક બિલ્ડર, વલસાડનો સહયોગ પ્રાપ્ત થયો છે.

કોળી પટેલ સમાજ સાંસ્કૃતિક ભવન, ફણસા ચાર રસ્તા ખાતે મોટી સંખ્યામાં ભક્તો પ્રથા શ્રવણનો લાભ લઈ રહ્યા છે.

આ ધાર્મિક આયોજનમાં ભાવિક ભક્તોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રીમદ્ ભાગવત કથાનો લાભ લેવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

## સરીગામમાં કાપડની થેલીઓનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૮ :** સરીગામ GIDCના હાર્ટ બજારમાં શુભ સિન્થેટિક કંપની, સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, સરીગામ નોટિફાઈડ બોર્ડ, CETP તથા સરીગામ GIDCના સંયુક્ત ઉપક્રમે ૪૦૦ કાપડની થેલીઓનું વિતરણ કરાયું હતું.

શુભ સિન્થેટિકના સંચાલક સજ્જનભાઈ મુરારકા તથા પરિવાર દ્વારા અત્યાર સુધીમાં આશરે ૪,૮૦૦ કાપડની થેલીઓનું વિતરણ કરી સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. કાર્યક્રમમાં FIA પ્રમુખ નિર્મલ દુધાની, નોટિફાઈડ બોર્ડ ચેરમેન દિલીપભાઈ ભંડારી, ઉદ્યોગપતિ દામોદર પારેખ, શેખર આરેકર તથા DGVCL સરીગામના નાયબ ઈજનેર એમ.જે. પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પર્યાવરણ બચાવોના સંદેશ સાથે કરાયેલી આ પહેલને ઉપસ્થિત લોકોએ આવકારી હતી.

## ઉમરગામમાં ૪થી ૧૦ ઓક્ટોબર સુધી શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૮ :** જી.આઈ.ડી.સી. કોલોની સ્થિત શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે શ્રી વૈષ્ણવ સેવા સંસ્થાન, ઉમરગામ દ્વારા તા. ૪ ઓક્ટોબરથી ૧૦ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન ભવ્ય શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ધાર્મિક આયોજનમાં આંતરરાષ્ટ્રીય યુવા કથાકાર શ્રી હાર્દિકભાઈ શુક્લના શ્રીમુખે શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવવામાં આવશે. કથા દરરોજ બપોરે ૪ કલાકથી યોજાશે.

કથા દરમિયાન તા. ૬ ઓક્ટોબરે મંગળ સંધ્યા, તા. ૭ ઓક્ટોબરે કૃષ્ણ જન્મોત્સવ, તા. ૮ ઓક્ટોબરે ગોવર્ધન પૂજા તથા ૫૬ ભોગ મનોરથ, તા. ૯ ઓક્ટોબરે રુકમણી વિવાહ સહિતના ધાર્મિક પ્રસંગો યોજાશે. તા. ૧૦ ઓક્ટોબરે કથા વિરામ રહેશે.

આ ઉપરાંત તા. ૪ ઓક્ટોબરે બપોરે ૨:૩૦ કલાકે શોભાયાત્રા નીકળી હતી. શોભાયાત્રા જી.આઈ.ડી.સી. કોલોનીના પ્લોટ નં. ૩૭૬, અખંડ મંગલથી કથા સ્થળે આવી પહોંચી હતી. કથાના બીજે દિવસે કાર્યક્રમમાં જાણિતા લોકગાયક નરેશ ગઢવી પણ ભજન-સંગીતના સુર વેલાવી રોતા ભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા.

શ્રી વૈષ્ણવ સેવા સંસ્થાન દ્વારા ઉમરગામના વૈષ્ણવ ભક્તો અને ધર્મપ્રેમી લોકોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કથાનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

# અન્ય સમાચારો

Friday 09, October 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Friday 09, October 2026

## શાંતિ હજી દૂર છે...

યુદ્ધો હવે ઝટ પૂરાં થતાં નથી અને યાતનાઓ તથા જખમોનો અંત આવતો નથી. સાતમી ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ હમાસે ઈઝરાયલ પર આતંકવાદી હુમલો કર્યો, જેમાં ૧૨૦૦થી વધુ લોકો માર્યા ગયા અને તેના પગલે શરૂ થયેલા યુદ્ધના પડઘા ગાઝાથી દૂર પણ પડી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સમુદાયે ઈઝરાયલને એકલું પાડી દીધું એવું કહેવા કરતાં ઇઝરાયલ જાતે જ એકલવાયું થતું ગયું, કેમ કે પેલેસ્ટાઈનને અનેક પશ્ચિમી દેશોએ રાષ્ટ્ર તરીકે માન્યતા આપી છે. અમેરિકા સાથે મળી ઈરાન પર સંયુક્ત મિલિટરી કામગીરીને ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના નિર્ણયને કારણે પશ્ચિમ એશિયામાં બધું ઉપરતળે થઈ ગયું છે. આમ તો સત્તાવાર રીતે ઇઝરાયલ-હમાસ વચ્ચે શસ્ત્રવિરામ છે, પણ છેલ્લા એક વર્ષમાં ગાઝામાં ૧૪૦૦થી વધુ લોકો માર્યા ગયા છે, આવામાં ઇઝરાયલના સહભાગ વિના ગાઝા મુદ્દે ઉકેલ શક્ય નથી અને હમાસ શસ્ત્રો મૂકી દે એ પણ અશક્ય જણાય છે, આથી શાંતિ માટે કોઈ અવકાશ રહેતો નથી. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની શાંતિ યોજનાથી ન તો શાંતિ સ્થપાઈ છે અને ન તો તેમને શાંતિનો નોબેલ મળ્યો છે. ૨૦ દિવસ પછી ઇઝરાયલમાં સંસદીય ચૂંટણી છે, તો નવેમ્બરમાં અમેરિકામાં મિડ-ટર્મ ઈલેક્શન છે અને શાંતિની આશા હવે આ બેનાં પરિણામ પર અવલંબે છે. સાતમી ઓક્ટોબરનો હુમલો ૧૦૦ વર્ષ જૂના ઇઝરાયલ-પેલેસ્ટાઈનના સંઘર્ષનું નવું પ્રકરણ ગણાવાય છે. આરબો અને યહૂદીઓ વચ્ચેના વિવાદનો અંત આવતો નથી, પ્રકરણો ઉમેરાયા કરે છે અને લોહી રેડાયા કરે છે. છેલ્લાં ત્રણ વર્ષમાં ગાઝામાં ૭૦ હજારથી વધુ લોકો માર્યા ગયા છે, તો ઇઝરાયલ પણ જાન-માલનું નુકસાન ભોગવી જ રહ્યું છે. હજી પખવાડિયા પહેલાં જ બોર્ડ ઓફ પીસે ગાઝાપટ્ટી માટે ૨.૫૫ બિલિયન ડોલરના રિકવરી પ્લાનની જાહેરાત કરી છે. યુનાઈટેડ નેશન્સે ગાઝાને ફરી પગભર કરવા માટે એક દાયકામાં ૭૧.૪ બિલિયન ડોલરના ખર્ચાનો અંદાજ વ્યક્ત કર્યો હતો. જો કે, હમાસ હથિયાર હેઠાં નહીં મૂકે ત્યાં સુધી ઇઝરાયલ કોઈ શાંતિ કે પુનર્નિર્માણ માટે તૈયાર નથી. હમાસનો આગ્રહ છે કે, ઇઝરાયલે ગાઝાની જે ભૂમિ ખૂંચવી લીધી છે, એ છોડે તો જ અમે શસ્ત્રત્યાગ કરીએ. ટ્રમ્પની શાંતિ યોજના મુજબ ગાઝાના ૫૩ ટકા હિસ્સા પર ઇઝરાયલનું વર્ચસ્વ રહેશે. મડાગાંઠ ઉકેલાય એવા આસાર નથી. ૧૯ વર્ષથી વિવિધ ગઠબંધનોના જોરે સત્તામાં રહેલા નેતન્યાહુ માટે ૨૭મી ઓક્ટોબરની ચૂંટણી કસોટી સમાન હોવા છતાં વાસ્તવિકતા એ છે કે, ઇઝરાયલનો કોઈ પણ રાજકીય પક્ષ પેલેસ્ટાઈનને રાષ્ટ્ર તરીકે માન્યતા આપવાના સમર્થનમાં નથી. આવામાં, સત્તા પરિવર્તન છતાં સંઘર્ષનો અંત આવવાની શક્યતા આછીપાતળી છે. વળી, ઈરાન તથા ઇઝરાયલી સુરક્ષા સંબંધી મુદ્દે પણ તમામ રાજકીય પક્ષોનું વલણ પણ અલગ નથી. વિશ્વમાં યુદ્ધો ઝટ શમે એવી શક્યતાઓ ઓછી જ છે.

## GST કાઉન્સિલની બેઠકમાં અનેક મહત્વના નિર્ણયો લેવાયા

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૮ : GST કાઉન્સિલની ૫૭મી બેઠકમાં વેપારીઓ અને કરદાતાઓ માટે અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કાઉન્સિલે GST અધિકારીઓની સીધી ધરપકડ કરવાની સત્તા પાછી ખેંચવા, વેપાર સંબંધિત વિવિધ ખર્ચાઓ પર ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) આપવા અને નાના ટેક્સ વિવાદો ઘટાડવા સંબંધિત દરખાસ્તોને મંજૂરી અપાઈ છે. આ ઉપરાંત ડિલિવરી સર્વિસ, રિટ્રેડેડ ટ્રેક્ટર ટાયર અને નાના કર વિવાદો અંગે પણ મહત્વના સુધારા કરવામાં આવ્યા છે, જેનાથી FMCG, ફાર્મા, ટેલિકોમ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિલિવરી અને કોર્પોરેટ ક્ષેત્રને મોટી રાહત મળશે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, GST કાઉન્સિલે અધિકારીઓ પાસેથી સીધી ધરપકડ કરવાની સત્તા પાછી ખેંચવાની દરખાસ્તને મંજૂરી આપી છે. આ નિર્ણયનો અર્થ એ છે કે સામાન્ય કર વિવાદોમાં ટેક્સ અધિકારીઓ સીધા જ કોઈ વ્યક્તિની ધરપકડ કરી શકશે નહીં. ગંભીર ગુનાહિત કેસો અને જાણીજોઈને કરવામાં આવેલી મોટી ટેક્સ ચોરી જેવા મામલાઓમાં કાર્યવાહી કરવા માટે હવે કાયદાકીય અદાલતી પ્રક્રિયાનું પાલન કરવું પડશે. આ બેઠકના એજન્ડામાં CGST એક્ટની કલમ ૬૯ હેઠળ ધરપકડની જોગવાઈમાં ફેરફાર કરવાનો અને માત્ર અતિ ગંભીર બાબતો પૂરતી જ ફોજદારી કાર્યવાહી મર્યાદિત રાખવાનો પ્રસ્તાવ પહેલેથી સામેલ હતો.

## મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને Z-Plusથી પણ વધુ સુરક્ષા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૮ : નવી દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના નિવાસસ્થાનની બહાર સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. નવી ધમકી અંગેની માહિતી મળ્યા બાદ દિલ્હી પોલીસે આ પગલું ભર્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જ્ઞાનેશ કુમાર પાસે પહેલેથી જ Z-પ્લસ સુરક્ષા છે, પરંતુ ગુપ્તચર વિભાગની નવી માહિતી અને રાજધાનીમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને તેમના ઘરની બહાર વધારાના પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે.

પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, સ્થાનિક જિલ્લા પોલીસને પણ તેમના સ્તરે સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવા સૂચના આપવામાં આવી છે. નવી દિલ્હી જિલ્લામાં પહેલેથી જ વિરોધ પ્રદર્શનો ચાલી રહ્યા હોવાથી, કોઈપણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે તમામ સુરક્ષા એજન્સીઓને પરસ્પર સંકલન સાધવા કહેવામાં આવ્યું છે.

## કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી-પ્રિયંકા ગાંધી પર ફરી FIR

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૮ : દિલ્હી પોલીસ દ્વારા બુધવારે કોંગ્રેસના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસકર્મીઓ સાથે કથિત મારપીટ કરવા અને સરકારી કામમાં અડચણ ઊભી કરવાના ગંભીર આક્ષેપ હેઠળ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત અનેક કોંગ્રેસ નેતાઓ અને કાર્યકરો વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કેસમાં પ્રદર્શન દરમિયાન બનેલી ઘટનાઓની તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, બુધવારે યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા ઉપરાંત અનેક કોંગ્રેસ નેતાઓ અને કાર્યકરોએ ભાગ લીધો હતો. આ દરમિયાન પોલીસકર્મીઓ સાથે કથિત રીતે ધક્કામુક્કી અને સરકારી કામમાં અડચણ ઊભી કરવાની ઘટનાઓ સામે આવી હતી. હાલ પોલીસ વિરોધ પ્રદર્શન દરમિયાન વીડિયો ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે કોની કઈ ભૂમિકા રહી હતી તેની સઘન તપાસ કરી રહી છે. બુધવારે યોજાયેલા આ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ રાહુલ ગાંધીએ INDIA બ્લૉકના અન્ય નેતાઓ સાથે મળીને રસ્તા પર કર્યું હતું. પ્રદર્શન ઉગ્ર બનતા પોલીસે સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે અને સંસદો અને નેતાઓ સહિત કુલ ૯૧ લોકોની અટકાયત કરી હતી. હાલ દિલ્હી પોલીસ એફઆઈઆર નોંધ્યા બાદ કાયદાકીય કાર્યવાહી અને આગળની તપાસની પ્રક્રિયા હાથ ધરી રહી છે.

## CEC જ્ઞાનેશ કુમારના સમર્થનમાં ૪૨ પૂર્વ જજ મેદાનમાં

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૮ : દેશના ૪૨ પૂર્વ જજોએ એક સંયુક્ત ખુલ્લો પત્ર જાહેર કરીને ચૂંટણી પંચ, ન્યાયતંત્ર અને અન્ય ટોચની બંધારણીય સંસ્થાઓની વિશ્વસનીયતા પર સતત થઈ રહેલા હુમલાઓને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. પૂર્વ જજોએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કોઈ નક્કર પુરાવા વિના વોટચોરી જેવા ગંભીર આરોપો લગાવવા અને બંધારણીય પદો પર બેઠેલા લોકોને ચોર અથવા વેચાઈ ગયેલા ગણાવવા એક સુનિયોજિત અભિયાનનો ભાગ લાગે છે. તેમણે ચેતવણી આપી કે રાજકીય લાભ અથવા નિરાશામાં લોકતાંત્રિક સંસ્થાઓની નિષ્પક્ષતા પર આ રીતે સતત કાદવ ઉછાળવો અત્યંત ખતરનાક વલણ છે. તેનાથી જનતાનો પોતાની જ લોકતાંત્રિક વ્યવસ્થા અને સંસ્થાઓ પરથી વિશ્વાસ ઊઠી જવાનું ગંભીર જોખમ ઊભું થઈ રહ્યું છે, જે સીધી રીતે બંધારણના પાયાને નુકસાન પહોંચાડે છે. પત્રમાં લખવામાં આવ્યું હતું, ''અમે એટલા માટે લખી રહ્યા છીએ કારણ કે આવા સમયે ચૂપ રહેવું હવે કોઈ તટસ્થ વિકલ્પ નથી. અમને ઊંડી ચિંતા છે. ભારતની બંધારણીય સંસ્થાઓ પર સતત હુમલા થઈ રહ્યા છે.'' તેમાં આગળ કહેવામાં આવ્યું, ''ભારતનું ચૂંટણી પંચ આ હુમલાઓના કેન્દ્રમાં છે. અહીં સુધી કે ઉચ્ચ ન્યાયતંત્ર, જેનું અમે ખૂબ સન્માન કરીએ છીએ, અને વૈધાનિક એજન્સીઓને પણ છોડવામાં આવી નથી.'' જજોએ આ વાત પર ભાર મૂક્યો કે આ હુમલા સમજી-વિચારીને કરવામાં આવેલી ટીકા નથી. તેમણે લખ્યું, ''આ રાજકીય સ્વાર્થોથી પ્રેરિત એક સુનિયોજિત અભિયાન લાગે છે, જેમાં વિશ્વના સૌથી મોટા લોકતંત્રને અસ્થિર કરવાના સંભવિત વિનાશક પરિણામોની કોઈ પરવા કરવામાં આવી નથી.'' મતદાર યાદીના SIRનો બચાવ કરતાં હસ્તાક્ષર કરનારા પૂર્વ જજોએ ભારપૂર્વક કહ્યું કે આ કાયદેસર રીતે સ્થાપિત પ્રક્રિયા છે, જેનો હેતુ સ્વચ્છ અને ચોક્કસ મતદાર યાદી સુનિશ્ચિત કરવાનો છે. પત્રમાં ચેતવણી આપવામાં આવી છે કે ''વિશ્વાસ જ લોકશાહીની અસલી મૂડી છે'' અને ચૂંટણીની કાયદેસરતા પર સવાલ ઉઠાવવાના પ્રયાસોથી અશાંતિ ફેલાઈ શકે છે અને અરાજક તત્વોને પ્રોત્સાહન મળી શકે છે. આ પત્ર પર હસ્તાક્ષર કરનારાઓમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ, હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશો અને અન્ય લોકો સામેલ છે. હસ્તાક્ષર કરનારાઓમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જસ્ટિસ હેમંત ગુપ્તા અને જસ્ટિસ પંકજ મિત્તલ પણ સામેલ છે. આ પત્રમાં કોંગ્રેસ અને 'કોકરોચ જનતા પાર્ટી' પર તીખા હુમલા કરવામાં આવ્યા છે, જે આ વિરોધ-પ્રદર્શનમાં સૌથી આગળ છે. પત્રમાં લખવામાં આવ્યું છે, ''વોટ ચોરીના આરોપો પ્રેસ કોન્ફરન્સમાં લગાવવામાં આવે છે, કોર્ટમાં નહીં. જ્યારે કમિશન સોગંદનામું માગે છે, ત્યારે કોઈ તેને જમા કરાવતું નથી. હાર્યા બાદ જ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)ને દોષ આપવામાં આવે છે. એ જ મશીનોથી મળેલી જીત પર કોઈ સવાલ ઉઠાવવામાં આવતો નથી. જે પાર્ટીએ પાંચ દાયકાથી વધુ સમય સુધી દેશ પર શાસન કર્યું, એ જ હવે દાવો કરી રહી છે કે જે સિસ્ટમે તેને ચૂંટ્યું, તેમાં જ ગોટાળો થયો છે.'' તેમાં આગળ કહેવામાં આવ્યું છે, ''આ પાર્ટી એકલી આવું નથી કરતી. એક્ટિવિસ્ટ સંગઠનો, જેમનો પસંદગીના મામલાઓમાં કેસ કરવાનો લાંબો રેકોર્ડ રહ્યો છે, આ દાવાઓને કાનૂની સ્વરૂપ આપવાનો પ્રયાસ કરે છે. તેઓ એક પછી એક અરજીઓ દાખલ કરે છે. તેઓ ભાગ્યે જ પુરાવા રજૂ કરે છે. કોર્ટરૂમ એક મંચ બની જાય છે અને જ્યારે ચુકાદો આવે છે, ત્યારે જો તે તેમના પક્ષમાં ન હોય તો તેની ટીકા કરવામાં આવે છે. ત્યારબાદ ઝેરી નિવેદનોને મોટા પાયે ફેલાવવામાં આવે છે, જેનો હેતુ જાણીજોઈને એક સ્થાપિત અને વિશ્વસનીય ન્યાયિક વ્યવસ્થા પરથી લોકોનો વિશ્વાસ ઓછો કરવાનો હોય છે.'

### નાના પાટેકરનું ૭૫ વર્ષની વયે નિધન

## નાના પાટેકર એક સાચા ક્રાંતિવીર હતા : મોદી



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૮ : ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ (IMC) ૨૦૨૬નું આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉદ્ઘાટન કર્યું. IMC ૨૦૨૬ દેશની મોટી ટેક અને ટેલીકોમ ઈવેન્ટ છે. તેનું આયોજન ૭થી ૧૦ ઓક્ટોબર સુધી નવી દિલ્હીના યશોભૂમિમાં થઈ રહ્યું છે. આ કાર્યક્રમના ઉદ્ઘાટન બાદ PM મોદીએ સૌથી પહેલા બોલિવૂડના દિગ્ગજ અભિનેતા નાના પાટેકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, "આજે સવારે જ એક સમાચાર આવ્યા છે કે દિગ્ગજ અભિનેતા નાના પાટેકરજી હવે આપણી વચ્ચે નથી રહ્યા. તેઓ એક જાણીતા કલાકાર હતા, જેમણે અલગ-અલગ પ્રકારના પાત્રો ભજવીને દર્શકોના દિલ જીત્યા હતા."

તેમણે કહ્યું કે, "નાના પાટેકરનું જીવન તિરંગાની આન-બાન અને શાન માટે સમર્પિત રહ્યું, તેઓ કોઈ બંધનમાં બંધાઈને ન રહ્યા, તેઓ 'પક્ષી'ની જેમ સિનેમાના વિશાળ આકાશમાં ઊડતા રહ્યા. તેમણે પોતાની ફિલ્મોના માધ્યમથી સમાજમાં રહેલી કેટલીક કુવ્યવસ્થા પર આકરા પ્રહાર કર્યા."

પીએમ મોદીએ કહ્યું કે, "નાના પાટેકર એક સાચા ક્રાંતિવીર હતા, જેમણે સામાજિક દુષણો સામે લડાઈ લડી હતી. તેમની વાણી જેટલી તેજ હતી, તેમનું મૌન પણ એટલું જ અસરકારક હતું. તેમણે સતત દેશવિરોધી તત્ત્વો પર લગામ લગાવવાની વાત કરી. હું નાના પાટેકરજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું અને તેમના પરિવાર તથા પ્રશંસકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું."

કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ નાના પાટેકરના નિધન પર શોક વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે, નાના પાટેકર તેમના ખૂબ નજીકના મિત્ર હતા અને બંને વચ્ચે ઘણા વર્ષોથી પરિવાર જેવો સંબંધ હતો. નિતિન ગડકરીએ કહ્યું કે નાનાએ ખેડૂતો માટે અત્યંત સંવેદનશીલતાની સાથે ઉત્તમ કામ કર્યું હતું. તેમણે પાણી અને જળસંરક્ષણ સાથે જોડાયેલા મુદ્દાઓ પર કામ કર્યું હતું. ગડકરીએ કહ્યું કે સામાજિક ચેતના, સામાજિક જવાબદારી અને સમાજ પ્રત્યેની સંવેદનશીલતા નાનાના વ્યક્તિત્વની ખાસ ઓળખ હતી.

## દેશના ખૂણે-ખૂણે પહોંચ્યું 5G, હવે 6Gની તૈયારી : મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૮ :વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે (૮ ઓક્ટોબર) ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ (IMC) ૨૦૨૬નું ઉદ્ઘાટન કર્યું છે. ઉદ્ઘાટન દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, એક સમયે દેશ સામે ડિજિટલ ડિવાઈડ એક મોટો પડકાર હતો, પરંતુ હવે ૫૪ કનેક્ટિવિટી દેશના ખૂણે-ખૂણે પહોંચી રહી છે. તેમણે લોકોનો આભાર માન્યો અને કહ્યું કે દેશની સેવા કરતા તેમને ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. આ દરમિયાન તેમણે અભિનેતા નાના પાટેકરને પણ શ્રદ્ધાંજલિ આપી હતી.

પીએમ મોદીએ જણાવ્યું કે છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં મોબાઈલ ફોન માત્ર વાતચીતનું સાધન નહીં, પરંતુ ગવર્નન્સ અને ડિજિટલ ઈન્ડિયાનો મહત્વનો ભાગ બની ગયો છે. દૂરના ગામડાંના બાળકો પણ મોબાઈલ અને ઈન્ટરનેટની મદદથી શિક્ષણ મેળવી રહ્યા છે. કોરોના મહામારી દરમિયાન પણ મોબાઈલ અને નવી ટેક્નોલોજીના કારણે કામ અને અભ્યાસ ચાલુ રાખી શકાયો હતો. તેમણે ઓનલાઈન શિક્ષણ માટે 'દીક્ષા' પ્લેટફોર્મનો પણ ઉલ્લેખ કર્યો. સાથે જ સરકારી યોજનાઓ અને સબસિડીનો લાભ લોકો સુધી સરળતાથી પહોંચ્યો હોવાનું જણાવ્યું. ટેલિકોમ નેટવર્કનો રિમોટ વિસ્તારો સુધી વિસ્તાર અને સસ્તા ડેટાથી ગેમિંગ, ઈ-સ્પોર્ટ્સ અને કન્ટેન્ટ ક્રિએશન જેવા ક્ષેત્રોને પણ વેગ મળ્યો છે. આ વખતે IMCની થીમ 'Scale Without Boundaries' છે. અહીં 5G, 6G, AI, IoT અને સેટેલાઈટ કમ્યુનિકેશન જેવી ટેક્નોલોજી સાથે સ્માર્ટ મોબિલિટી અને ઈન્ડસ્ટ્રીયલ રોબોટિક્સનું પણ લાઈવ ડેમોન્સ્ટ્રેશન થઈ રહ્યું છે. મોટી ટેક કંપનીઓ, ટેલિકોમ કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ ભવિષ્યની ટેક્નોલોજી રજૂ કરી રહ્યા છે. AIને ભારતમાં વિકસાવવા અને લોકોના હિતમાં તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગે પણ ચર્ચા થશે. પીએમ મોદીએ ફોન અને નેટવર્કની સુરક્ષાને મહત્વપૂર્ણ ગણાવી અને કહ્યું કે સાયબર ફ્રોડ અને સાયબર ક્રાઈમ સરહદો માનતા નથી. તેથી સાયબર ફ્રોડ સામે લડવા માટે વૈશ્વિક સ્તરે ફ્રેમવર્ક અને અસરકારક મિકેનિઝમ તૈયાર કરવાની જરૂર છે. IMC 2026માં નવી ટેક્નોલોજીના ડેમો જોવા માટે વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓ મફત રજિસ્ટ્રેશન કરીને ભાગ લઈ શકે છે.

## બેંગલુરુમાં કોકરોચનું ચપ્પલ પ્રોટેસ્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
બેંગલુરુ, તા.૮ : મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી પંચની એસઆઈઆર (SIR) પ્રક્રિયા સામે દેશભરમાં વિરોધ પ્રદર્શનોનો સિલસિલો યથાવત છે. પટનાથી લઈને દિલ્હી સુધી વિપક્ષી દળો વિરોધ નોંધાવી રહ્યા છે, ત્યારે કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા બેંગલુરુના ફ્રીડમ પાર્ક ખાતે એક અનોખું ચપ્પલ આંદોલન અને જન-અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિરોધ પ્રદર્શનમાં પ્રખ્યાત અભિનેતા પ્રકાશ રાજ અને જાણીતા યુટ્યુબર ધ્રુવ રાઠી પણ વિશેષરૂપે સામેલ થયા હતા.

બેંગલુરુના ફ્રીડમ પાર્કમાં જન-અદાલતને સંબોધતા અભિનેતા પ્રકાશ રાજે એસઆઈઆર (SIR) હેઠળની વોટર વેરિફિકેશન પ્રક્રિયા સામે આકરા સવાલો ઉઠાવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે ભારતના ચૂંટણી પંચે એસઆઈઆરના માધ્યમથી સમગ્ર દેશનું અપમાન કર્યું છે.

CJP નેતા અભિજીત દીપકેએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે તેમની લડાઈ માત્ર જ્ઞાનેશ કુમારના રાજીનામા પૂરતી મર્યાદિત નથી. જો તેઓ રાજીનામું આપે તો પણ અન્ય કોઈ આવશે, પરંતુ તેમની મુખ્ય માંગ એસઆઈઆર પ્રક્રિયાને સંપૂર્ણપણે નાબૂદ કરવાની છે અને ત્યારબાદ જ્ઞાનેશ કુમારની તપાસ થઈને તેમના વિરુદ્ધ કેસ નોંધવો જોઈએ. આંદોલન દરમિયાન ફ્રીડમ પાર્ક ખાતે "એસઆઈઆર રદ કરો" અને "જ્ઞાનેશ કુમાર ગદ્દી છોડો" જેવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

CJP ના સહ-સંયોજક આશુતોષ રાંકાએ જણાવ્યું હતું કે આ ચપ્પલ પ્રદર્શન એવા નાગરિકોના સમર્થનમાં યોજવામાં આવ્યું છે, જેના નામ એસઆઈઆર પ્રક્રિયા દરમિયાન મતદાર યાદીમાંથી કથિત રીતે ગેરકાયદેસર રીતે હટાવી દેવામાં આવ્યા હતા. સીએજીપી (CJP) દ્વારા દિલ્હીના જંતર-મંતર પર આગામી ૧૦ ઓક્ટોબરે યોજાનાર પ્રદર્શન પહેલાં એવો દાવો કરવામાં આવ્યો છે કે સરકાર દ્વારા વિરોધ પ્રદર્શનને રોકવા માટે દેશભરમાં તેમના હજારો

## રાહુલ ગાંધી સહિત વિપક્ષી સાંસદો રાજઘાટથી રવાના

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૮ : મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી પંચ સામે INDIA બ્લોકનું આંદોલન સતત ત્રીજા દિવસે પણ યથાવત રહ્યું છે. ગુરુવારે રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે અને પ્રિયંકા ગાંધી સહિત વિપક્ષી સાંસદોએ રાજઘાટ પહોંચીને આશરે ૨ કલાક સુધી ધરણાં પ્રદર્શન કર્યું હતું અને ગાંધી સ્મારક પર પ્રાર્થના કરી હતી. સાંજ પડતાં વિપક્ષી નેતાઓ રાજઘાટથી રવાના થયા હતા. હવે શુક્રવારે વિપક્ષી ગઠબંધન ફરી એકવાર દિલ્હીમાં મોટો વિરોધ માર્ચ કાઢવાની તૈયારી કરી રહ્યું છે.

શુક્રવારે યોજાનારા પ્રદર્શનમાં પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ ભાગ લેશે. TMC સાંસદ અભિષેક બેનર્જીએ પુષ્ટિ કરી છે કે, મમતા બેનર્જી હાલ દિલ્હીમાં છે અને તેઓ શુક્રવારના માર્ચમાં સામેલ થશે.

રાજઘાટ રવાના થતાં પહેલાં રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે, લગભગ ૩૦૦ સાંસદો શાંતિપૂર્ણ રજૂઆત કરવા માંગે છે, પરંતુ પોલીસ દ્વારા તેમના લોકતાંત્રિક અધિકારો છીનવાઈ રહ્યા છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, એક ષડયંત્ર હેઠળ બંધારણને નુકસાન પહોંચાડીને જનતાના વોટની ચોરી કરવામાં આવી રહી છે અને આ ષડયંત્રમાં સામેલ તમામ લોકોને કાયદાના કટઘરામાં લાવવામાં આવશે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું કે, તેઓ મહાત્મા ગાંધીની સમાધિ પર બેસીને પ્રાર્થના કરશે કે ઈશ્વર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહને સદ્બુદ્ધિ આપે. તેમણે આરોપ લગાવ્યો કે વર્તમાન સરકાર નાગરિકો પાસેથી તેમનો મતાધિકાર છીનવી રહી છે અને મહાપુરુષોએ અપાવેલી આઝાદીને જોખમમાં મૂકી રહી છે.

વિપક્ષનો મુખ્ય આરોપ છે કે ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીના SIR મુદ્દે પારદર્શિતા રાખવામાં આવી રહી નથી અને મોટા પાયે મતદારોના નામ યાદીમાંથી હટાવવામાં આવ્યા છે. આ મુદ્દે વિપક્ષી પક્ષો મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી કરી રહ્યા છે. અગાઉ ૬ અને ૭ ઓક્ટોબરે જંતરમંતર નજીક પ્રદર્શન દરમિયાન રાહુલ અને પ્રિયંકા ગાંધીની અટકાયત પણ કરવામાં આવી હતી, જેના પગલે ગુરુવારે ત્રીજા દિવસે વિપક્ષે રાજઘાટ પર શાંતિપૂર્ણ ધરણાં યોજ્યા હતા.

## ૧ જાન્યુ. સુધી સ્થગિત કરવામાં આવી શકે છે UPI ઉપર ચાર્જ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૮
UPI ટ્રાન્ઝેક્શન માટે નવા મર્ચંટ ડિસ્કાઉન્ટ રેટ ફ્રેમવર્કને લાગૂ થવાની તારીખ આગળ વધારી ૧ જાન્યુઆરી ૨૦૨૭ કરવાની સંભાવના છે. તહેવારની સિઝન દરમિયાન વેપારીઓ અને ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમને તૈયારીનો પર્યાપ્ત સમય આપવા માટે આ નિર્ણય લેવામાં આવી શકે છે.

નવા નિયમો હેઠળ નાના વેપારીઓ અને પર્સન-ટૂ-પર્સન ટ્રાન્ઝેક્શન પર શૂન્ય એમડીઆર લાગૂ થશે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ પણ સ્પષ્ટ કર્યું છે કે ખુબ સામાન્ય ચાર્જથી ડિજિટલ ટ્રાન્ઝેક્શનના વોલ્યૂમ પર તેની કોઈ મોટી અસર પડવાની આશા નથી.

ફાઈનાન્શિયલ એક્સપ્રેસે સૂત્રોના હવાલાથી જણાવ્યું કે યુપીઆઈ પર એમડીઆરની તારીખ એટલા માટે વધારી શકાય છે, જેથી વેપારીઓ અને પેમેન્ટ સિસ્ટમની તૈયારી માટે વધુ સમય મળી શકે. જોકે તેના પર હજુ અંતિમ નિર્ણય લેવાયો નથી. સૂત્રોએ કહ્યું કે તેના જાહેર ફ્રેમવર્કમાં કોઈ ફેરફાર થશે નહીં. વર્તમાનમાં યુપીઆઈ લાગૂ થવાની સત્તાવાર તારીખ ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ છે.

આ જાણકારી તેવા સમયે સામે આવી છે જ્યારે યુપીઆઈના ફ્રેમવર્કને લઈને સરકાર કાયદાકીય પડકારનો સામનો કરી રહી છે. ૨૮ સપ્ટેમ્બરે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારના તે નિર્ણય પર પ્રતિબંધ લગાવવાનો ઈનકાર કર્યો હતો, જેમાં વ્યક્તિ-વેપારી ટ્રાન્ઝેક્શન પર એમડીઆર લાગૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પરંતુ સુપ્રીમ કોર્ટે નાણા મંત્રાલય, આરબીઆઈ અને એનપીસીઆઈને જવાબ આપવા માટે ચાર સપ્તાહનો સમય આપ્યો હતો. હકીકતમાં ૨૦૦૦ રૂપિયાથી વધુના યુપીઆઈ પેમેન્ટ પર ૦.૪% નો એમડીઆર પ્રસ્તાવિત છે. જ્યારે ૭૫ હજાર રૂપિયા કે તેનાથી વધુના પેમેન્ટ પર એમડીઆર ૩૦૦ રૂપિયા લાગશે. પરંતુ નાના વેપારીઓ અને વ્યક્તિગત ટ્રાન્ઝેક્શન એટલે કે પર્સન-ટૂ-પર્સન પર એમડીઆર ઝીરો રહેશે. MDRની જાહેરાત બાદ વેપારી સતત તેનો વિરોધ કરી રહ્યાં છે. તેને લઈને બે ઓક્ટોબરે ઘણી જગ્યાએ વેપારીઓએ નો યુપીઆઈ ડે મનાવ્યો હતો.

## IMFની મોટી ચેતવણી, મોંઘા ક્રૂડ ઓઈલથી હજુ નહીં મળે રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૮
ભલે ગલ્ફ ક્ષેત્રમાં યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થઈ જાય, તેમ છતાં ઓઈલના ઊંચા ભાવ ૨૦૨૭ સુધી યથાવત રહી શકે છે. આ ચેતવણી બુધવારે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) દ્વારા આપવામાં આવી હતી. IMFએ જણાવ્યું હતું કે ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરની આસપાસ છે, જ્યારે રિફાઈનિંગ ક્ષમતા અને કુદરતી ગેસના પુરવઠા પરનું દબાણ મોંઘવારીમાં વધારો કરી રહ્યું છે અને વૈશ્વિક આર્થિક વિકાસને અસર કરી રહ્યું છે.

IMFના મેનેજિંગ ડિરેક્ટર ક્રિસ્ટાલિના જ્યોર્જિવાએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી એનર્જી સંકટની અસર મર્યાદિત રહી છે, જેનું કારણ વધુ કાર્યક્ષમતા, વૈવિધ્યસભર ફ્યુઅલ સ્ત્રોતો, કટોકટીની યોજનાઓ, વ્યૂહાત્મક ભંડારમાંથી પુરવઠો બહાર પાડવો અને પુરવઠા-માગની ગતિશીલતામાં આવેલા ફેરફારો છે.

જોકે, જોખમો હજુ પણ યથાવત છે. આવતા અઠવાડિયે થાઈલેન્ડમાં યોજાનારી IMF-વર્લ્ડ બેંકની વાર્ષિક બેઠકો પહેલાં સિંગાપોરમાં બોલતા જ્યોર્જિવાએ કહ્યું કે, ગલ્ફ ક્ષેત્રમાંથી પુરવઠાની પુનઃસ્થાપના અંગેની અનિશ્ચિતતા વચ્ચે ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરની આસપાસ છે. જોખમ, પરિવહનનો ઊંચો ખર્ચ અને અન્ય પરિબળો આ પરિસ્થિતિમાં ફાળો આપી રહ્યા છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આ દબાણ માત્ર ક્રૂડ ઓઈલ પૂરતું મર્યાદિત નથી. વૈશ્વિક રિફાઈનિંગ ક્ષમતામાં માળખાકીય અછતને કારણે, ક્રેક સ્પ્રેડ એટલે કે ક્રૂડ ઓઈલની કિંમત અને તેમાંથી મેળવેલા રિફાઈન્ડ પેટ્રોલિયમ ઉત્પાદનોની કિંમત વચ્ચેનો તફાવત પ્રતિ બેરલ આશરે ૧૦૦ ડોલર સુધી પહોંચી ગયો છે. તેમણે જણાવ્યું હતું કે આના પરિણામે ડીઝલ અને અન્ય રિફાઈન્ડ પેટ્રોલિયમ ઉત્પાદનોના છૂટક ભાવમાં રેકોર્ડ સ્તરે વધારો થયો છે. ગલ્ફ ક્ષેત્રમાંથી કુદરતી ગેસના પુરવઠા પર પણ ગંભીર અસર પડી છે. જ્યાં સુધી હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવર જોખમમાં રહેશે, ત્યાં સુધી LNGના પરિવહન માટેના વિકલ્પો મર્યાદિત રહેશે. જ્યોર્જિવાએ જણાવ્યું હતું કે, આની અસર વિશ્વના વિવિધ ભાગોમાં અલગ-અલગ રીતે પડી રહી છે, જેમાં એશિયા અને યુરોપ ખાસ કરીને પ્રભાવિત થયા છે. આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે વૈશ્વિક અર્થતંત્ર પહેલેથી જ ફુગાવાના દબાણ અને ધીમા આર્થિક વિકાસનો સામનો કરી રહ્યું છે. જ્યોર્જિવાના મતે, ઊર્જાનો ઊંચો ખર્ચ ખાતર, ખાદ્ય ઉત્પાદનો અને મુખ્ય ઔદ્યોગિક કાચા માલના ભાવમાં વધારો કરી રહ્યો છે. દરમિયાન, અલ નીનોની ઘટના ખાદ્ય સુરક્ષા પર વધારાનું દબાણ ઊભું કરી રહી છે. આ પરિસ્થિતિ માત્ર ફુગાવાને જ વેગ આપતી નથી, પરંતુ આર્થિક વિકાસ પર પણ દબાણ લાવે છે.

## મેં ૮ યુદ્ધમાં સમાધાન કરાવ્યું, મને શાંતિનો નોબેલ પારિતોષિક આપો :ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૮
અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નોબલ શાંતિ પુરસ્કાર માટે ફરી એકવાર દાવો કર્યો છે. વ્હાઈટ હાઉસથી આપેલા નિવેદનમાં તેમણે કહ્યું છે કે, 'મેં ૮ જેટલા યુદ્ધો અને સંઘર્ષોનો ઉકેલ લાવવાનું કામ કર્યું છે, જે અત્યાર સુધી કોઈ અન્ય પ્રમુખએ નથી કર્યું. આ કોઈ બડાઈ નથી પરંતુ વાસ્તવિક હકીકત છે.' તેમ જણાવીને તેમણે ટૂંક સમયમાં જ વધુ એક મોટી સફળતા મળવાનો સંકેત પણ આપ્યો છે.ટ્રમ્પ અગાઉ



પણ ઘણી વખત નોબલ શાંતિ પુરસ્કાર માટે દાવો કરી ચૂક્યા છે અને પોતાના ડિપ્લોમેટિક રેકોર્ડને આ પુરસ્કાર માટે લાયક ગણાવતા રહ્યા છે. જો કે, ફેક્ટ-ચેકર્સ દ્વારા તેમના આ દાવાઓને વારંવાર પડકારવામાં આવ્યા છે. ફેક્ટ-ચેકર્સનું માનવું છે કે ટ્રમ્પ જે વિવાદો અને સંઘર્ષોનો ઉકેલ લાવ્યા હોવાનો દાવો કરે છે, તેમાંથી ઘણા ઔપચારિક યુદ્ધો નહોતા અને તેમાં અમેરિકાની ભૂમિકા પણ અલગ-અલગ પ્રકારની રહી હતી.આ ઉપરાંત, રશિયાના સાઈબેરિયામાં એક એન્ટી-પ્લેગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં કામ કરતી ૨૮ વર્ષીય લેબ વર્કરનું ન્યુમોનિયાથી મોત નીપજ્યું છે. આ ઘટના બાદ તેના સંપર્કમાં આવેલા આશરે ૨૦૦ લોકોને મેડિકલ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે.

## ફ્રાન્સના વૈજ્ઞાનિક હેનરી અને જાપાનના કેન્સોને કેમિસ્ટ્રીનો સંયુક્ત નોબેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૮
સ્વીડનની રોયલ એકેડમીએ વર્ષ ૨૦૨૬નો કેમિસ્ટ્રીનો નોબેલ સંયુક્ત રીતે બે વૈજ્ઞાનિકોને આપ્યો છે. ફ્રાન્સના હેનરી બી. કાગન અને જાપાનના કેન્સો સોઆઈને આ વર્ષનો રસાયણ વિજ્ઞાનનો નોબેલ આપવામાં આવ્યો છે. આ વૈજ્ઞાનિકોએ કેમિકલના ૧૦૦ વર્ષ જુના એક કોયડાનું સમાધાન શોધી કાઢ્યું છે. આ સંશોધને દવાઓ, ફ્લેવર, સુગંધ અને નવી સામગ્રી બનાવવા માટે રાસાયણિક પ્રક્રિયા વિકસિત કરનારા વૈજ્ઞાનિકોના કામને નવી દિશા આપી છે. આપણા શરીરના લોહી, માંસ, પ્રોટીન એક જ પ્રકારના અણુથી બનેલા છે. જેને વૈજ્ઞાનિક ભાષામાં હોમોચિરેલિટી કહેવામાં આવે છે. અમીનો એસિડ નામના અણુ પ્રોટીન બનાવે છે જે બે સ્વરુપમાં હોય છે. જોકે આપણા શરીરમાં માત્ર એક જ રૂમ મળે છે. બીજુ સ્વરૂપ પ્રકૃતિમાં બહુ જ ઓછુ દેખાય છે. જોકે જ્યારે વૈજ્ઞાનિક લેબમાં આ અણુ બનાવવામાં આવે તો બન્ને સ્વરૂપ બરાબર માત્રામાં બની જાય છે. દવા બનાવનારા એટલા માટે મુંજવણમાં હતા કેમ કે દવામાં માત્ર એક જ સ્વરુપ અસર કરે છે. બીજુ સ્વરૂપ બેકાર અથવા નુકસાનદાયક હોઈ શકે છે. વર્ષ ૧૯૮૬માં હેનરી કાગન દ્વારા પોતાના સંશોધન માટે એક નવો ઉપાય શોધવામાં આવ્યો હતો.

# વાપીમાં માઉન્ટ એવરેસ્ટ સમિટર સનિકા શાહ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૮ :** વાપી સ્ટાર્ટઅપ કોમ્યુનિટી દ્વારા મુંબઈની ૨૨ વર્ષીય માઉન્ટ એવરેસ્ટ સમિટર, પર્વતારોહક, એન્ડ્યુરન્સ એથ્લેટ અને અભિનેત્રી સનિકા શાહ સાથે પ્રેરણાત્મક તથા ઈન્ટરેક્ટિવ સ્પીકર સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. વાપી જીઆઈડીસી સ્થિત Chemiesynth Vapi Ltd. ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં જર્ની ટુ એવરેસ્ટ વિષય પર સનિકા શાહે પોતાની સંઘર્ષસભર સફર, તૈયારી અને એવરેસ્ટ સર કરવાની રોમાંચક અનુભૂતિઓ ઉપસ્થિતો સાથે શેર કરી હતી.

સનિકા શાહે ૨૦ મે, ૨૦૨૬ના રોજ ૮,૮૪૮.૮૬ મીટરની ઊંચાઈ ધરાવતા વિશ્વના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટ પર સફળતાપૂર્વક આરોહણ કર્યું હતું. તેમણે એવરેસ્ટ સુધી પહોંચવા માટે કરેલી કઠોર તૈયારી, શારીરિક અને માનસિક પડકારો તેમજ ઊંચાઈ પર સર્જાતી મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કેવી રીતે કર્યો તેની વિસ્તૃત માહિતી આપી હતી.

સનિકા શાહની વાતોથી ઉપસ્થિત સભ્યોને દૃઢ નિશ્ચિય, આત્મવિશ્વાસ અને પોતાના લક્ષ્ય તરફ સતત આગળ વધવાના મહત્વના પાઠ શીખવા મળ્યા હતા. સેશન બાદ ઈન્ટરેક્ટિવ પ્રશ્નોત્તરીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વાપી સ્ટાર્ટઅપ કોમ્યુનિટીના સભ્યોએ વિવિધ પ્રશ્નો પૂછીને પર્વતારોહણ, એવરેસ્ટની તૈયારી, પડકારો અને વ્યક્તિગત વિકાસ અંગે સનિકા શાહ પાસેથી જાણકારી મેળવી હતી.

કાર્યક્રમમાં વીઆઈએના ભૂતપૂર્વ પ્રમુખો અશોકભાઈ શુક્લા, મહેશભાઈ પંડ્યા અને મુકેશ નાગરસેઠ, લઘુ ઉદ્યોગ ભારતીના ભૂતપૂર્વ પ્રમુખ ચૈતન્ય ભટ્ટ, ભગીરથભાઈ દેસાઈ, દમણગંગા ટાઈમ્સના તંત્રી વિકાસભાઈ ઉપાધ્યાય, IIMM વાપીના ચેરમેન આશિષ પારેખ તેમજ IIMM વાપીના ભૂતપૂર્વ અધ્યક્ષ અનંત કાપડિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

વાપીમાં સનિકા શાહના આ પ્રેરણાત્મક સેશનને સાકાર કરવામાં બંનેના સહયોગ બદલ વાપી સ્ટાર્ટઅપ કોમ્યુનિટી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન વાપી સ્ટાર્ટઅપ કોમ્યુનિટીના સ્થાપક Ar. કૃષિત શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# વાપી પોલીસે કારમાંથી દારૂ સાથે ૪ને ઝડપ્યા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૮ :** વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શનમાં વાપી ટાઉન પોલીસે દારૂની હેરાફેરી ઝડપી પાડી છે. પીઆઈ કે.બી. ઝાલાને મળેલી બાતમી આધારે સર્વેલન્સ સ્ટાફે સલવાવ બ્રિજ ઉતરતા મુંબઈ-સુરત રોડ પર મહિન્દ્રા મારાઝો કાર નં. DN.09.Q.0799 ને રોકી તલાશી લેતા ડીકી અને પાછળની સીટ નીચેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૮૪ પારદર્શક થેલી રૂા. ૩,૦૩,૦૭૨ મળી આવી હતી. પોલીસે કાર રૂ.૭ લાખ અને ૩ મોબાઈલ મળી કુલ રૂા. ૧૦,૧૩,૫૭૨નો મુદ્દામાલ કબજે કરી ડ્રાઈવર રોહિતકુમાર મંડલ, ક્લીનર દેવાનંદકુમાર મંડલ અને પાછળ બેસેલી બે મહિલા



ફાલ્ગુનીબેન રાણા અને પીન્કી રાજપૂતને ઝડપી પ્રોહી એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# ગણદેવા હાઈવે ટોલનાકાથી દારૂ સાથે ત્રણ ઝડપાયા

**ગણદેવી, તા.૮ :** નવસારી લોકલ ક્રાઈમ બ્રાન્ચએ બાતમી આધારે ગુરુવારે ગણદેવીનાં ગણદેવા ગામે એક્સપ્રેસ હાઈવે ટોલ નાકાની ઉતરે નાકાબંધી કરી હતી. તે વેળા આઈશર ટેમ્પો (નં. GJ 12 CV 5558) ને રોકી તપાસ કરતા તેમાંથી પાસ-પરમિટ વગરની રૂા.૨.૭૬ લાખની કિંમતની વિદેશી દારૂની ૧૨૦૦ બોટલો મળી આવી હતી. પોલીસે ઘટનાસ્થળેથી ડ્રાઈવર મજીદ આદમ સુલેમાન લોદરા (ઉ.વર્ષ ૩૨ રહે. મફતનગર, બીટા, તા. અબડાસા, જિ. કચ્છ-ભુજ), ક્લીનર હર્ષદભાઈ દામજીભાઈ મંગેર ( ઉ. વર્ષ ૨૬ મૂળ રહે. શંકર ટેકરી, જામનગર, હાલ રહે. માધાપર, ભુજ) તેમજ દારૂનો જથ્થો ભરાવનાર રણજીતસિંહ સંગ્રામસિંહ સોઢા (રહે. બીટા, તા. અબડાસા, જિ. કચ્છ-ભુજ) ને પકડી પાડ્યા હતાં. પોલીસે રૂા. ૧૦ લાખની કિંમતનો આઈશર ટેમ્પો અને ૧૫ હજાર રૂપિયાના ત્રણ મોબાઈલ ફોન મળીને કુલ રૂા.૧૨,૯૧,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ગુનામાં મુંબઈના થાણે ખાતે શીલફાટા નજીક આવેલી જે.એન.પી. બીયર શોપના સંચાલક સુનિલકુમાર (દારૂનો જથ્થો આપનાર) અને કચ્છ-અબડાસાના જિગર મોહનલાલ વડોર (દારૂ મંગાવનાર) અને ટેમ્પો માલિકને વોન્ટેડ જાહેર કરાયા હતાં. ગણદેવી પોલીસ મથકે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨ )જ.મ.પ.અ.નં.૩૩૨/૨૦૨૬

**અરજદાર : નારણભાઈ બાબરભાઈ માછી, ઉ.આ.વ.૫૮, ધંધો - ટ્રેલર**
**રહે.** ખત્તલવાડા, પચલાઈ ફળિયું
તા.ઉમરગામ, જી.વલસાડ,

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, ખત્તલવાડા**
**ગ્રામ પંચાયત કચેરી, ખત્તલવાડા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નારણભાઈ બાબરભાઈ માછી** રહે. ખત્તલવાડા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદી નામે **મંગીબેન દાજીભાઈ માછીનું** મરણ તા.૦૯-૦૯-૧૯૮૩ના રોજ મોજે - ખત્તલવાડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૩૩૨/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨ )જ.મ.પ.અ.નં.૩૩૪/૨૦૨૬

**અરજદાર : નારણભાઈ બાબરભાઈ માછી, ઉ.આ.વ.૫૮, ધંધો - ટ્રેલર**
**રહે.** ખત્તલવાડા, પચલાઈ ફળિયું
તા.ઉમરગામ, જી.વલસાડ,

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, ખત્તલવાડા**
**ગ્રામ પંચાયત કચેરી, ખત્તલવાડા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નારણભાઈ બાબરભાઈ માછી** રહે. ખત્તલવાડા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના કાકા નામે **રવીયાભાઈ દાજીભાઈ માછીનું** મરણ તા.૧૯-૧૨-૨૦૧૨ના રોજ મોજે - ખત્તલવાડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૩૩૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨ ) જ.મ.પ.અ.નં.૩૩૩/૨૦૨૬

**અરજદાર : નારણભાઈ બાબરભાઈ માછી, ઉ.આ.વ.૫૮, ધંધો - ટ્રેલર**
**રહે.** ખત્તલવાડા, પચલાઈ ફળિયું
તા.ઉમરગામ, જી.વલસાડ,

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, ખત્તલવાડા**
**ગ્રામ પંચાયત કચેરી, ખત્તલવાડા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નારણભાઈ બાબરભાઈ માછી** રહે. ખત્તલવાડા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા નામે **બાબરભાઈ દાજીભાઈ માછીનું** મરણ તા.૧૧-૧૨-૧૯૮૪ના રોજ મોજે - ખત્તલવાડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૩૩૩/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨ )જ.મ.પ.અ.નં.૩૩૫/૨૦૨૬

**અરજદાર : મંજુલાબેન સુરદાસભાઈ માછી, ઉ.આ.વ.૬૧, ધંધો - ઘરકામ**
**રહે.** આંબાવાડી, ટેંભી
તા.ઉમરગામ, જી.વલસાડ,

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, ટેંભી**
**ગ્રામ પંચાયત કચેરી, ટેંભી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મંજુલાબેન સુરદાસભાઈ માછી** રહે. આંબાવાડી ટેંભી, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા નામે **વેસ્તીબેન ભગવાનભાઈ માછીનું** મરણ તા.૦૬-૦૬-૧૯૯૩ના રોજ મોજે - ટેંભી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૩૩૫/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ
**-આહવા-ડાંગ - ૩૯૪૭૧૦**
**જળ એજ જીવન**
**જાહેરાત નંબર - ૦૧ સને ૨૦૨૬-૨૭**

આદિજાતિ જીલ્લાઓના આદિજાતિ ગામો માટે ‘‘મરામત અને નિભાવણી પ્રોત્સાહન અને પુરસ્કાર યોજના’’ હેઠળ નીચે મુજબના માપદંડોની વિગતે સારી કામગીરી હાથ ધરેલ હોય તેવી ડાંગ જીલ્લાની ગ્રામ પંચાયત પાસેથી અરજી મંગાવવામાં આવે છે.

ગ્રામ્ય કક્ષાની પાણી પુરવઠા યોજનાનું અસરકારક સંચાલન, પાણી પુરવઠા યોજના લગત ફરિયાદની સંખ્યા અને તેના નિકાલ, લીકેજીસ, મોટર કે અન્ય રીપેરીંગની કામગીરીમાં અસરકારકતા, પાણીવેરાની વસુલાત, પાણી વિતરણની નિયમિતતા, ઓપરેટરની નિમણુક-કામગીરી અને પાણી ગુણવત્તા ચકાસણી વગેરે જેવા માપદંડોમાં સારી કામગીરી કરેલ હોય તેવી રસ ધરાવતી આદિજાતિ ગામોની ગ્રામ્ય પંચાયતો ‘‘મરામત અને નિભાવણી પ્રોત્સાહન અને પુરસ્કાર યોજના’’ હેઠળ લાભ મેળવવા નિચે મુજબના સરનામે પંચાયતના લેટર પેડ ઉપર અરજી, રજી.એ.ડી. કે રૂબરૂ તારીખ :૨૩-૧૦-૨૦૨૬ કચેરી સમય સુધીમાં પહોચે તે રીતે આપવાની રહેશે.

આ મળેલ અરજી મુજબની તમામ ગ્રામ્ય પંચાયતોનું જીલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતા હેઠળની કમિટીના સભ્યો મારફત નિયત માપદંડો મુજબ કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવશે અને મૂલ્યાંકનના આધારે, જીલ્લા કક્ષા અને રાજ્ય કક્ષાની કમિટીમાં નિયત માપદંડોને આધારે સારું પરફોર્મન્સ ધરાવતી ગ્રામ પંચાયતની પસંદગી કરવામાં આવશે. આમ, આ સારું પરફોર્મન્સ ધરાવતી પસંદ થયેલ ગ્રામ પંચાયતને રૂા.૨,૦૦,૦૦૦/- પ્રોત્સાહન રકમ મળવા પાત્ર થશે.

**અરજી માટેનું સરનામું**
**જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ યુનિટ મેનેજર અને સભ્ય સચિવની કચેરી, ‘‘જલ ભવન’’, પહેલો માળ, સાપુતારા રોડ, ફોરેસ્ટ નાકા પાસે, આહવા-ડાંગ - ૩૯૪૭૧૦ મો.૯૯૦૯૯૫૫૬૦૯ ફોન નં. (૦૨૬૩૧) ૨૨૧૧૪૪**

## CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM YOGINIBEN TO YOGINI KANTILAL RATHOD ADDRESS:- 126, MAHYAVANSHI FALIA, DUNETHA, NANI DAMAN-396210

## CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM KANTILAL NANJI RATHOD TO KANTILAL NANJIBHAI RATHOD ADDRESS:- 126, MAHYAVANSHI FALIA, DUNETHA, NANI DAMAN-396210

## UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Maintenance and Repair of Valves for Water Supply Scheme in DNH (North Sone) (3rd Call)**

| | |
|---|---|
| Tender No. | 20 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8289_1 |
| On line downloading start of tender documents | 05/10/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 13/10/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 13/10/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 13/10/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

**EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA**
**No.5-2(1)/DNH/DP/2026/603 Dt.05/09/2026**
**NO.: IP/DMN/2/5/2026-27/569 DATED : 08/10/2026**

## UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Procurement of Mainfenance materials for functioning of stree light in South Zone DNH area (4rd call)**

| | |
|---|---|
| Tender No. | 20 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8288_1 |
| On line downloading start of tender documents | 05/10/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 13/10/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 13/10/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 13/10/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

**EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA**
**No.5-2(1)/DNH/DP/2026/603 Dt.05/09/2026**
**NO.: IP/DMN/2/5/2026-27/568 DATED : 08/10/2026**

## UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Repair and Maintenance work to existing primary school building at Kherdi Panchayt South Zone D&NH. 2025-26**

| | |
|---|---|
| Tender No. | 20 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8287_1 |
| On line downloading start of tender documents | 05/10/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 13/10/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 13/10/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 13/10/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

**EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA**
**No.5-2(1)/DNH/DP/2026/603 Dt.05/09/2026**
**NO.: IP/DMN/2/5/2026-27/567 DATED : 08/10/2026**

## UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Repair and Maintenance Quarter for NRLM Near Chowk Silvassa DNH (6th Call)**

| | |
|---|---|
| Tender No. | 20 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8291_1 |
| On line downloading start of tender documents | 05/10/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 13/10/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 13/10/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 13/10/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

**EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA**
**No.5-2(1)/DNH/DP/2026/603 Dt.05/09/2026**
**NO.: IP/DMN/2/5/2026-27/570 DATED : 08/10/2026**

## UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Procurement of Spare Motor Pump sets for W/s Scheme and L.I.S/ Scheme installed in D&NH area (3rd call)**

| | |
|---|---|
| Tender No. | 20 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8292_1 |
| On line downloading start of tender documents | 05/10/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 13/10/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 13/10/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 13/10/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

**EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA**
**No.5-2(1)/DNH/DP/2026/603 Dt.05/09/2026**
**NO.: IP/DMN/2/5/2026-27/571 DATED : 08/10/2026**

**No.MAM/SIL/RTS/RBD-DNH/57-1002/Death/2026/3612 Dated: 07/07/2026**

**APPLICANT- Mukesh Teju Yadav,**
**Presently residing at- Rukshmani syntax Pvt ltd, Check Post, Naroli, DNH.**
**Mo 6352995269**

**V/S**

**OPPONENTS- The Registrar of Deaths & Deaths, Silvassa Municipal Council.**

**NOTICE**

The public to take note that the above, named applicant Mukesh Teju Yadav's mother namely Amruta Devi who was died on 13/12/2020 at near Silvassa char rasta, DNH. But due to inadvertence the above said death was not registered in the records of Registrar of Births & Deaths, Silvassa Municipal Council. Hence, the applicant has moved on application to pass an order to register death of Amruta Devi. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**

## પાસપોર્ટ ખોવાયો છે

આથી હું **ખાન બિલાલ અહમદ ઈશીતાક**, રહે. જીઆર-૨, રૂમ નં. ૧૬, ગુરુદેવ કોમ્પલેક્ષ, કોપરલી રોડ, ઈમરાનનગર, વાપી, જી. વલસાડ જણાવું છું કે મારો ભારતીય **પાસપોર્ટ નં. B7664564** છે. જે પાસપોર્ટ સુરતથી ઈસ્યુ થયેલ હતો. આ પાસપોર્ટ અમારા રહેવાના ઠકાણેથી વાપી ઈમરાનનગર ખાતે મસ્જિદ પાસે ઝેરોક્ષ કરાવવાના કામે જતાં ઓરીજીનલ પાસપોર્ટ રસ્તામાં ક્યાક ગુમ/ખોવાય ગયેલ છે. અને તેની પુરતી અને વ્યાજબી શોધખોળ કરવા છતાં આજદીન સુધી હમોને પરત મળી આવેલ નથી. જે કોઈને ઉપરોક્ત પાસપોર્ટ મળી આવે તો હમોને નીચેના સરનામે જાણ કરવા વિનંતી છે.

**લિ. ખાન બિલાલ અહમદ ઈશીતાક**
રહે. જીઆર-૨, રૂમ નં. ૧૬, ગુરુદેવ કોમ્પલેક્ષ, કોપરલી રોડ, ઈમરાનનગર, વાપી, જી. વલસાડ















દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

Friday 09, October 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ

ઈ-પેપર ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com

### કોંગ્રેસનું મુખ્ય ચુંટણી કમિશ્નર સામેનું વિરોધ પ્રદર્શન વલસાડ, નવસારી, ડાંગ જિલ્લામાં પહોંચ્યું

# ચીખલી, ધરમપુરમાં કોંગી અગ્રણીઓની અટકાયત : આહવામાં પણ પ્રદર્શનો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, ચીખલી, આહવા, તા. ૦૮ :** દિલ્હીમાં કોંગ્રેસ દ્વારા મુખ્ય ચુંટણી કમિશ્નર જ્ઞાનેશકુમાર સહિત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને આરએસએસના વડા મોહન ભાગવત સામે દેશમાં વોટ ચોરી થકી દેશને હાઈજેક કરવાના અને એના ગંભીર પરિણામો ભોગવવાની ચીમકી સાથે મુખ્ય ચુંટણી કમિશ્નરના રાજીનામાની માંગ અને છેલ્લા ત્રણ દિવસથી ધરણા પ્રદર્શન ચાલી રહ્યા છે. ત્યારે કોંગ્રેસના આ વિરોધનો વંટોળ હવે દક્ષિણ ગુજરાત વલસાડ, ડાંગ અને નવસારી જિલ્લામાં પહોચ્યો છે.

વલસાડ જિલ્લાના ધરમપુરથી પ્રાપ્ત માહિતી પ્રમાણે ધરમપુર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ગુરુવારે ચૂંટણી અધિકારી જ્ઞાનેશકુમારના વિરોધમાં મામલતદાર કચેરી ખાતે ધરણાં-પ્રદર્શન યોજાયું હતું. તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ પટેલની આગેવાનીમાં કાર્યકરોએ ચૂંટણી અધિકારી હાય હાય' અને 'વોટ ચોર ગાદી છોડો ના નારા લગાવી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. પ્રદર્શનમાં તાલુકા પંચાયત વિરોધ પક્ષના નેતા દેવું મોકાશી, રમેશભાઈ પાડવી, નરેશભાઈ ચૌધરી, તાલુકા કોંગ્રેસ મહામંત્રી મુફીદ પઠાણ, વિનય બારીયા સહિતના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા.સતત સૂત્રોચ્ચાર વચ્ચે ધરમપુર પોલીસનો કાફલો મામલતદાર કચેરી ખાતે પહોંચ્યો હતો. PI નિખિલ ભોયાની ઉપસ્થિતિમાં પોલીસ કર્મચારીઓએ વિરોધ કરી રહેલા આશરે ૨૦ જેટલા કોંગ્રેસી કાર્યકરોને ડિટેઈન કરી પોલીસ મથકે લઈ ગયા હતા. બાદમાં જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી તમામ કાર્યકરોને મુક્ત કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ આગેવાનોએ ચૂંટણી પ્રક્રિયા અંગે આક્ષેપો સાથે ચૂંટણી અધિકારી જ્ઞાનેશકુમાર સામે વિરોધ નોંધાવી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

જયારે ચીખલી તાલુકા કોંગ્રેસ દ્વારા ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં વિવિધ મુદ્દાઓને લઈને વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ બગલાદેવ મંદિરથી મામલતદાર કચેરી સુધી રેલી યોજી હતી.

રેલી દરમિયાન કોંગ્રેસ કાર્યકરોએ હાથમાં વિવિધ પોસ્ટરો લઈ સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો. ત્યારબાદ મામલતદાર કચેરી સામે રસ્તા પર બેસીને કોંગ્રેસ દ્વારા ધરણાં કરવામાં આવ્યા હતા. કાર્યકરોએ ચક્કાજામ કરી સરકાર અને ચૂંટણી પંચ સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.વિરોધ પ્રદર્શનમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલ સહિત કોંગ્રેસના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન પોલીસે ધારાસભ્ય અનંત પટેલ સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરોને ડિટેન કર્યા હતા. આ કાર્યક્રમમાં નવસારી જિલ્લા કોંગ્રેસ પ્રભારી અસલમ સાયકલવાલા, ચીખલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ આનંદ પટેલ,કાર્યકારી પ્રમુખ જગદીશ પટેલ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

**ચીખલીમાં કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલ સહિતના કોંગીઓની અને ધરમપુરમાં ૨૦થી વધુ કોંગ્રેસીઓ અટકાયત : આહવામાં રેલી યોજી સુત્રચારો કરાયા**

તો ડાંગમાં જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ભાજપ સરકાર સામે એક ઉગ્ર વિરોધ પ્રદર્શનનું આયોજન ગાંધી ઉદ્યાન નજીકથી કરવામાં આવ્યુ હતુ. જ્યાં તેમણે હાથમાં બેનરો અને પ્લેકાર્ડ્સ સાથે ભાજપ સરકાર વિરુદ્ધ ભારે નારેબાજી કરી રોષ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં ડાંગ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સ્નેહલભાઈ ઠાકરે, વિરોધ પક્ષના નેતા મંગળભાઈ ગાવિત તેમજ તાલુકા અને જિલ્લાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. કોંગ્રેસના આગેવાનોએ સરકારને જરુર પડયે ડાંગ જિલ્લામાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ આપી હતી.

# તિથલમાં પોલીસે છાપો મારતાં ૬ જુગારીયાઓ રંગેહાથ ઝડપાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** વલસાડ સીટી પોલીસે બાતમી આધારે તિથલ રોડ પર આવેલા અમીધારા એપાર્ટમેન્ટના એક ફ્લેટમાં જુગાર ચાલતું હોવાની બાતમી આધારે પોલીસે છાપો મારતા ૬ જુગારીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે દાવ પર અને આરોપીઓની અંગઝડતી કરતા રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૨,૫૩,૫૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. વલસાડ સીટી પોલીસને બાતમીદાર બાતમી મળી હતી કે, તિથલ રોડ સ્થિત હેપ્પીનેશની સામેની ગલીમાં આવેલા અમીધારા એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર ૬૦૧માં મનસુખભાઈ ઠાકરશીભાઈ કાલાવાડીયા પોતાના આર્થિક લાભ માટે બહારથી માણસો બોલાવી ગંજીપાના વડે હારજીતનો જુગાર રમાડી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે જરૂરી વોરંટ મેળવી પંચોને સાથે રાખી ફ્લેટ પર છાપો મારતા

મનસુખભાઈ ઠાકરશીભાઈ કાલાવાડીયા (રહે. અમીધારા એપાર્ટમેન્ટ, તિથલ રોડ, વલસાડ, જયેશભાઈ ગંગદાસ ઘરસંડીયા રહે. લક્ષ્મી એપાર્ટમેન્ટ, ધરમપુર, હરેશકુમાર મગનલાલ વાછાણી રહે. સીટી પોઈન્ટ એપાર્ટમેન્ટ, અબ્રામા, વલસાડ, જયેશભાઈ ગોકળભાઈ કુંભાણી રહે. સાંઈ એવન્યુ, સીનેપાર્ક પાસે, પારનેરા, બંકિમભાઈ જવાહરલાલ શાહ રહે. અમરદીપ એપાર્ટમેન્ટ, વી.પી. રોડ, વલસાડ જેશાભાઈ રામાભાઈ આહિર રહે. વાલીયા ફળીયા, અબ્રામા, વલસાડ પોલીસે ઘટનાસ્થળેથી દાવ પર રાખેલી રોકડ રકમ ૩૦,૦૦૦ આરોપીઓની અંગઝડતી કરતા રોકડ ૧,૩૩,૫૫૦ રૂપિયા ૬ નંગ મોબાઈલ ફોન (કિંમત ૯૦,૦૦૦ તેમજ ગંજીપાના મળી કુલ ૨,૫૩,૫૫૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા કલમ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# સલવાવ બ્રિજ પર અકસ્માતમાં બાઈક ચાલકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** સુરત-મુંબઈ ને.હા.નં.૪૮ પર આવેલા વાપી સલવાવ બ્રિજ પર સર્જાયેલા ગંભીર અકસ્માતમાં એક યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

પોલીસ ફરિયાદ મુજબ તા.૦૭/૧૦/૨૦૨૬ ના રોજ સવારે આશરે ૯/૩૦ વાગ્યે સલવાવ બ્રિજ પર સુરતથી મુંબઈ જતા રોડ પર એક અકસ્માત સર્જાયો હતો. ફરિયાદી દિનાનાથ અર્જુન યાદવ (ઉ.વ.૪૦, રહે. ૧૩૬૪, કચ્છી સોસાયટી, હરિયાવાડ, કિલ્લા પારડી) ના બનેવી સતિષકુમાર જયરામ યાદવ પોતાનું જ્યુપિટર મો.સા.નં. GJ-15-EL-3391 લઈને કાર લઈને જતા હતા ત્યારે સલવાવ બ્રિજ પર વાહન પડી જતા ગંભીર અકસ્માત થયો હતો.

ઈજાગ્રસ્તને તાત્કાલિક વાપી ખાતે આવેલ વાઈબ્રન્ટ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ડોક્ટરે તપાસતા જણાવ્યું હતું કે તેમને જમણા હાથમાં, ડાબી બાજુ છાતીના ઉપરના ભાગે, ડાબી બાજુ પાંસળીના ભાગે, જમણા પગના જાંઘના ભાગે અને ડાબા કાન પાસે ગંભીર ઈજાઓ થઈ હતી. સારવાર દરમિયાન ત્રણેક કલાક બાદ તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કરવડમાં રૂ.૫ હજારની લાંચ લેતો ઈસમ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વલસાડ અને ડાંગ એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) એ વાપી તાલુકાના કરવડ ખાતે સફળ છટકું ગોઠવી રૂ. પાંચ હજારની લાંચ લેતા એક પઈસમ ને રંગેહાથ ઝડપી પાડ્યો છે.-પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદી એક જાગૃત નાગરિક છે. આરોપી દીપકભાઈ જીવણભાઈ પટેલ (ઉં.વ.૫૪, ધંધો ખેતી, રહે. ડુંગરા, ડુંગરી ફળિયા, કોળીવાડ, તા.વાપી) એ ફરિયાદી તથા તેમના મિત્રને ગુજરાત બોર્ડર પાસે પકડી દારૂનો નશો કર્યો હોવાનું જણાવી પોલીસ ચોકીએ લઈ ગયા હતા. ત્યારબાદ તેમના નામ-સરનામા લખી કેસ નહીં કરવાના અવેજમાં રૂ. ૧૦ હજારની લાંચ માંગી હતી. રકઝકના અંતે રૂ. ૫ હજાર આપવાનું નક્કી થયું હતું.

ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોઈ તેમણે વલસાડ એસીબીનો સંપર્ક કરતા તા.૦૭/૧૦/૨૦૨૬ ના રોજ કરવડના સાંઈ વિહાર રેસિડન્સી, શોપ નં.૧૦, ધી લુક મેન્સ વેર દુકાન બહાર, વાપી-કરવડ રોડ પર છટકું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં આરોપી રૂ. ૫ હજાર સ્વીકારતા જ પકડાઈ ગયો હતો. તેની પાસેથી લાંચની રકમ રીકવર કરવામાં આવી છે.આ કાર્યવાહી વલસાડ એસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર જે.આર. ગામીત તથા ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# વાપી વીઆઈએમાં બેદિવસીય ઔદ્યોગિક સુરક્ષા અને પર્યાવરણ અંગે સેમીનાર યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા ઔદ્યોગિક સુરક્ષા, ઝેરી વાયુઓનું એર મોનિટરિંગ અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા ૧૦ અને ૧૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે ૯ વાગ્યાથી મેગા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સેમિનારમાં પર્યાવરણ સંરક્ષણ, પ્રદૂષણ નિયંત્રણ, ઔદ્યોગિક સુરક્ષા, ફાયર સફટી, ઝેરી વાયુઓની શોધ, કામદારો અને નાગરિકોના સ્વાસ્થ્ય તેમજ કેમિકલ, ફાર્મા અને એગ્રોકેમિકલ ઉદ્યોગોના વિકાસ જેવા મહત્વના વિષયો પર ચર્ચા થશે. બીજા દિવસે ડીપ સી ડિસ્ચાર્જ નોર્મ્સ, નિકાસ વૃદ્ધિ અને ઔદ્યોગિકીકરણ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. સેમિનારમાં ભારત સરકારના શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. ગુજરાતના કેબિનેટ મંત્રીઓ કનુભાઈ દેસાઈ અને અર્જુનભાઈ મોઢવાડિયા પણ ઉપસ્થિત રહેશે.

એસોસિએશન દ્વારા ઉદ્યોગના સભ્યો, ડિરેક્ટરો, ભાગીદારો અને સિનિયર મેનેજરોને સેમિનારમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.




# વાપીમાં નવરાત્રીને લઈ પોલીસે બેઠક યોજી

**નવરાત્રિમાં દરેક આયોજકોએ સમયનું કડકાઈથી પાલન કરવું પડશે**



(દમણગંગા ટાઈમ્સ પ્રતીનિધિ)

**વાપી, તા. ૦૮ :** આગામી નવરાત્રી મહોત્સવને લઈને આજે રોજ વાપી ટાઉન પોલીસ મથકે પીઆઈ કે.વી. ઝાલાની આગેવાનીમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વાપીની વિવિધ સોસાયટીઓમાં નવરાત્રી ઉત્સવ ઉજવતા આયોજકો તેમજ દુર્ગા પૂજા મહોત્સવના આયોજકો ઉપસ્થિત રહ્યા હતા. પીઆઈ ઝાલાએ સૌને આવકારી કઈ સોસાયટીમાં કેટલા માણસો નવરાત્રી રમવા ભેગા થશે, સીસીટીવી કેમેરા, લાઈટ અને સાઉન્ડ સિસ્ટમની શું વ્યવસ્થા છે તેની વિગતવાર માહિતી મેળવી હતી. આયોજકોને તેમણે અપીલ કરી હતી કે ઈમરજન્સીમાં લાઈટ જાય ત્યારે બેકઅપ લાઈટની વ્યવસ્થા ફરજિયાત રાખવી, જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને. ઉપરાંત સમય મર્યાદાનું કડકાઈથી પાલન કરવા સૂચના આપી હતી, જેથી સોસાયટીમાં અને આજુબાજુમાં રહેતા વૃદ્ધો, શાળાના વિદ્યાર્થીઓ વગેરેને તકલીફ ન પડે. પીઆઈ ઝાલાએ તમામ આયોજકોને કાયદાનું પાલન કરવા જણાવ્યું હતું અને પોલીસ પ્રશાસન તરફથી તમામ સહકારની ખાતરી આપી હતી. આ સાથે દુર્ગાપૂજા મહોત્સવ ઉજવતા આયોજકોને પણ વિસર્જન યાત્રાના રૂટ સહિત વિવિધ બાબતોની કાળજી રાખવા તાકીદ કરી હતી.

# વાપીમાં રખડતાં પશુએ માલધારી યુવકનો ભોગ લીધો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વાપીમાં રખડતા પશુ એ એક યુવક પર રાત્રી દરમિયાન હુમલો કરતા તેને પેટમાં ગુપ્ત માર લગતા તેનો સારવાર દરમિયાન મોત થયું છે.

પ્રાપ્ત વિગત મુજબ વાપીના નામધા ખડકલા રોડ ઉપર આવેલ રામા રેસીડેન્સીની પાછળ રહેતા અને પશુપાલનના ધંધા સાથે સંકળાયેલા રણછોડભાઈ ગોવિંદભાઈ ચારણ ઉંમર વર્ષ ૩૮ ગત શનિવારના રોજ તેમના ઘરની બહાર સૂતા હતા તે દરમિયાન અચાનક એક રખડતી ગાય દ્વારા બચ્ચું ને જન્મ આપ્યા બાદ અચાનક બચુ મરણ જતા ગાય તેના બચ્ચા ને મૃત જોઈ અચાનક આમતેમ દોડવા લાગી હતી તે અરસામાં પશુઓના તબેલા ની બહાર ખાટલા ઉપર સુતેલા રણછોડભાઈ ગોવિંદભાઈ ચારણ દ્વારા આ બે ગાયોને દોડતી જોઈ તેઓને દૂર ભગાવવાની કોશિશ કરતા અચાનક ગાયોએ તેના પર હુમલો કરતા તેને પેટના ભાગે શીંગડા વડે ગુપ્ત માર લાગતા તેને ગત શનિવારના રોજ વાપીની જનસેવા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા અને ત્યારબાદ વધુ સારવાર માટે વલસાડની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેને સારવાર મળે તે પહેલા જ તેનું મોત થયું હતું જો કે ડોક્ટરનું કહેવું છે કે રણછોડભાઈ ચારણને પેટમાં ગુપ્ત માર વાગતા ફેફસુ દબાઈ ગયું હતું અને તે બરોબર કામ નહીં કરતા તેનું ઓક્સિજન લેવલ પણ વધી ન શક્યું અને તેનું મોત થયું હતું ઘટનાને પગલે સમગ્ર વાપીમાં રહેતા અને પશુપાલનના ધંધા સાથે સંકળાયેલા ખેડૂતો તેમજ ચારણ અને ભરવાડ સમાજના લોકોમાં ભારે શોખની લાગણી ફેલાઈ જવા પામી છે જોકે વાપી પંથકમાં મોટાભાગે રાત્રિ દરમિયાન કે દિવસ દરમિયાન રખડતા પશુઓનો ભારે ત્રાસ ખૂબ જ વધી ગયો છે જે અંગે તાત્કાલિક વહીવટી તંત્ર દ્વારા ઉપરોક્ત ઘટનાને ધ્યાને લઈ કાર્યવાહી કરે તેવી પણ લોકો માંગ કરી રહ્યા છે.

# વલસાડ રેલવે સ્ટેશનેથી મોબાઈલ ચોરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વલસાડ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૧ પર ટ્રેનમાં ચડતી વખતે પેસેન્જરોની ભીડનો લાભ લઈ કોઈ અજાણ્યા ઈસમે મુસાફરનો મોબાઈલ ચોરી કરી નાસી જવાની ઘટના બની છે. ફરિયાદી અજયભાઈ સુરેશભાઈ જાતે-પટેલ (ઉ.વ.૪૮, ધંધો-પ્રાઈવેટ કંપનીમાં નોકરી, રહે. ઘર નં-૧૧, અંબા જી નગર, અબ્રામા, વલસાડ) એ ધરમપુર ચોકડી પાસે આવેલ નાઈટ્રેસ કંપનીમાં નોકરી કરે છે. તેઓ આજરોજ વલસાડથી સુરત જવા માટે જનરલ કોચની ટિકિટ લઈ પ્લેટફોર્મ નં.૧ પર કલાક ૮/૦૫ વાગ્યે આવેલ ટ્રેન નં.૨૭૧૮ રાજકોટ એક્સપ્રેસ ટ્રેન કલાક ૮:૪૦ વાગ્યે આવતા તેના પાછળના જનરલ કોચમાં ચડી ગયા હતા. ભીડ વધુ હોવાથી તેમણે પહેરેલ પેન્ટના જમણી તરફના ખિસ્સામાં મૂકેલો મોબાઈલ કાઢવા જતા જણાયો નહિ. તપાસ કરતા મોબાઈલ મળ્યો નહિ અને ચોરી થયાની જાણ થઈ હતી. ચોરીમાં ગયેલ મોબાઈલ વીવો કંપનીનો ૭૨૮ મોડેલ, આંબુડીયા કલરનો હતો, જેની કિંમત રૂ.૧૫૫૦૦ છે.

આ અંગે અજાણ્યા ઈસમ વિરુદ્ધ વલસાડ રેલવે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ગણદેવી પીપલ્સ કો-ઓપરેટિવ બેંકની 'સ્કોબા પ્રાઈડ એવોર્ડ'માં બેવડી સિદ્ધિ

**નાણાકીય સ્થિરતા ક્ષેત્રે પ્રથમ અને જાહેર સંબંધો-સામાજિક પ્રવૃત્તિ ક્ષેત્રે દ્વિતીય સ્થાન મળ્યું**




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૮ :** દક્ષિણ ગુજરાતની શહેરી સહકારી બેંકોના પ્રતિષ્ઠિત સંગઠન સ્કોબા દ્વારા ૧૮મો સ્કોબા પ્રાઈડ એવોર્ડ-૨૦૨૬ મનાલી, હિમાચલ -દેશમાં યોજાયો હતો. આ સમારોહમાં ધી ગણદેવી પીપલ્સ કો-ઓપરેટિવ બેંક લિ.એ બે પ્રતિષ્ઠિત સન્માન મેળવી બેંકના સભાસદો, ગ્રાહકો, સંચાલન મંડળ તથા સમગ્ર કર્મચારીગણનું ગૌરવ વધાર્યું છે.

બેંકને મોટી બેંક શ્રેણીમાં નાણાકીય સ્થિરતા ક્ષેત્રે પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું. નાણાકીય મજબૂતી, સુદઢ સંચાલન, નાણાકીય શિસ્ત તથા વિશ્વસનીય બેંકિંગ કામગીરીને ધ્યાનમાં રાખી હતી.આ ઉપરાંત જાહેર સંબંધો અને સામાજિક પ્રવૃત્તિ ક્ષેત્રે મોટી બેંક શ્રેણીમાં બેંકને દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું હતું. બેંક દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ, સભાસદો અને ગ્રાહકો સાથેનો સારો સંપર્ક તથા સમાજ પ્રત્યેની જવાબદારીને આ સન્માન દ્વારા માન્યતા મળી છે. બેંક તરફથી પ્રમુખ જસ્મીન દેસાઈ, ઉપપ્રમુખ શૈલેષભાઈ શાહ, સેક્રેટરી તથા સ્કોબાના સેક્રેટરી ગોપાળભાઈ ગોહિલ, સંચાલન મંડળના પ્રમુખ તુષાર વશી, ઉપપ્રમુખ મિતેશભાઈ જોશી, નિયામક મંડળના સભ્યો નિલેશ શર્મા, મિતેશ પંડ્યા, કેયુર વશી, નિશીત નાયક, પ્રજ્ઞેશ પટેલ, મનીષ દેસાઈ, જ્યોતિ દેસાઈ, ભાવના નાયક તેમજ બેંકના મેનેજર હેમાંશુભાઈ વૈદ્ય ઉપસ્થિત રહ્યા હતા. બેંકના સંચાલન મંડળે જણાવ્યું હતું કે, આ બંને સન્માન માત્ર બેંકની સિદ્ધિ નથી, પરંતુ વર્ષોથી બેંક સાથે જોડાયેલા દરેક સભાસદ, ગ્રાહક, શુભેચ્છક, કર્મચારી અને સહયોગીની સામૂહિક સફળતા છે. ભવિષ્યમાં પણ વધુ સારી, પારદર્શક, આધુનિક અને સભાસદલક્ષી બેંકિંગ સેવાઓ પૂરી પાડવા સાથે સામાજિક જવાબદારીના ક્ષેત્રે વધુ સક્રિય કામગીરી કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી

# ટુકવાડા હાઈવે બ્રિજ નીચેથી યુવાનની શંકાસ્પદ લાશ મળી

**પારડી, તા. ૦૮ :** પારડી તાલુકાના ટુકવાડા ખાતે આવેલી સીએડી પેપરમીલ કંપનીમાં કામ કરતા ૩૫ વર્ષીય યુવક જિતેશભાઈ ઈશ્વરભાઈ નાયકનો મૃતદેહ નેશનલ હાઈવે ૪૮ ના બ્રિજ નીચેથી મળી આવ્યો છે.

મળતી વિગત મુજબ, તિઘરા ગામના વડીલ ફળિયામાં રહેતા જિતેશભાઈ નાયક ગત ૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે ઘરથી નોકરી પર જવા નીકળ્યા હતા. સાંજે કંપની છૂટ્યા બાદ તેઓ ઘરે પરત ન ફરતા પરિવારે તેમની કંપનીના આજુબાજુના વિસ્તાર તેમજ રેલવે સ્ટેશન ખાતે ભારે શોધખોળ હાથ ધરી હતી, પરંતુ તેમની કોઈ ભાળ મળી ન હતી દરમિયાન, ૮ ઓક્ટોબરના રોજ સવારે આશરે ૯ વાગ્યાના સુમારે, વલસાડથી વાપી જતા નેશનલ હાઈવે ૪૮ પર આવેલ બ્રિજ નીચે ખુલ્લી જગ્યામાં ઘાસની અંદર એક ડીકંપોઝ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગેની જાણ મૃતકના ભાઈ દ્વારા પારડી પોલીસમાં ફરિયાદ કરતાં પોલીસે મૃતદેહનો કબજો લઈ તપાસ હાથ ધરી છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**